# નવપદપૂજા-સાર્થ

## અને

## નવપદ આરાધન વિધિ


: પ્રેરક :

પૂ.આ.ભ.

શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા.

: સંપાદક :

પૂ.ગણિવર્ય શ્રીભવ્યદર્શન વિજયજી મ.સા.



: પ્રકાશક :

પૂ.પં. શ્રી પદ્મવિજયજી ગણિવર જૈનગ્રંથમાળા ટ્રસ્ટ


### નવપદનો મહિમા સાંભળજો.....

પ્રથમ ગણધર શ્રીગૌતમસ્વામી મહારાજાએ રાજગૃહી નગરીમાં આપેલી દેશના, શ્રીરત્નશેખરસૂરિ મહારાજાએ સિરિસિરિવાલકહામાં સંકલિત કરી. એમાં કહ્યું : હે પુણ્યશાળીઓ ! આર્યક્ષેત્ર અને આર્યકુળની વિશેષતાવાળા માનવજન્મને પામી, પાંચ પ્રકારના પ્રમાદનો ઝડપથી ત્યાગ કરી સદ્ધર્મની આરાધનાનો પુરુષાર્થ કરવો જોઈએ. એ ધર્મ દાન, શીલ, તપ અને ભાવ : એ ચાર પ્રકારે છે. ભાવધર્મની આરાધના બહુ બહુ કઠિન છે. મનને વિશિષ્ટ આલંબન મળે તો જ એ આરાધના થઈ શકે. અસંખ્ય આલંબનોમાં નવપદનું આલંબન સર્વ શ્રેષ્ઠ છે. એ નવપદનું ધ્યાન કરવાથી મન નિર્મલ થાય છે, સ્થિર થાય છે. ભાવધર્મની ઉજ્જવલ જ્યોત એમાં પ્રગટ થાય છે. આવા મહિમાવંત નવપદનું હે ભવ્યજીવો જ્ઞાન કરો ! ધ્યાન ધરો ! અને સિદ્ધિના શિખરે પહોંચો !!!


Printed by : "JINESHWAR" Ph. : 7551654, Mobile : 98240-15514

તિજયવિજયચક્રં સિદ્ધચક્રં નમામિ

આનંદ, સમર્પણનો....

પ.પૂ.તપાગચ્છાધિપતિ,વ્યા.વા.,શાસનસંરક્ષક, પરમશાસનપ્રભાવક,અનુપમપુણ્યનિધિ,ગુણરત્નરત્નાકર, આચાર્યદેવશ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.** ના પુણ્યપ્રભાવ સામ્રાજ્યમાં ધર્મતીર્થપ્રભાવક સિદ્ધાંતસંરક્ષક અખંડબાલબ્રહ્મચારી પૂજ્ય આ.ભ. શ્રીમદ્ **વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મહારાજાના** સં. ૨૦૫૬માં શ્રીલક્ષ્મીવર્ધક જૈન સંઘમાં થયેલ પ્રભાવક અને ચિરસ્મરણીય ચાતુર્માસ દરમ્યાન આસોમાસની શાશ્વતીઓળીમાં શ્રાદ્ધવર્ય કલ્યાણભાઈ મણિભાઈ રાવ પરિવારમાં;

અરવિંદભાઈ કલ્યાણભાઈ રાવ
સૌ. ઈનાબેન અરવિંદભાઈ રાવ
સૌ. હેમાંગિનીબેન ચન્દ્રકાંતભાઈ રાવ
સૌરીનકુમાર શૈલેષભાઈ રાવ
સૌ. પૂર્વીબેન સૌરીનભાઈ રાવ
ચેલણાબેન અરવિંદભાઈ રાવ

સૌ. પીલાબેન શાલિભદ્ર રાવની નવપદની ઓળીની આરાધના નિમિત્તે આ અર્થગંભીર પુસ્તિકા પ્રગટ કરી આરાધકોને સાદર અર્પણ કરીએ છીએ.

લિ. રાવ પરિવાર - અમદાવાદ.

પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવર જૈનગ્રંથમાળા પુષ્પ-૪૭

# નવપદપૂજા-સાર્થ
## અને
# નવપદ આરાધના વિધિ

: પ્રેરક :

પૂ.આ.ભ.
શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા.

: સંપાદક :

પૂ.ગણિવર્ય શ્રીભવ્યદર્શન વિજયજી મ.સા.

: પ્રકાશક :

પૂ.પં. શ્રી પદ્મવિજયજી ગણિવર જૈનગ્રંથમાળા ટ્રસ્ટ

: સૌજન્ય :

કલ્યાણભાઈ મણિભાઈ રાવ પરિવાર - અમદાવાદ

પ્રકાશક : પૂ.પં.શ્રીપદ્મવિજયજી ગણિવર જૈનગ્રંથમાળા ટ્રસ્ટ
C/o. અશોકકુમાર હિંમતલાલ શાહ
એચ.એ.માર્કેટ, ત્રીજે માળે, કપાસિયા બજાર,
અમદાવાદ - ૩૮૦૦૦૨
ફોન : ૨૧૭૪૫૫૮, ૨૧૭૪૫૫૮ (ઘર) ૬૬૧૨૫૦૭


C/o. હસમુખલાલ આર. શાહ
જી-૧, ઋષિકા ફ્લેટ, કિરણપાર્ક, નવાવાડજ,
અમદાવાદ - ૩૮૦ ০૧૩.

પ્રકાશન : સં.૨૦૫૯ આસો સુદ ૫, સોમવાર

નકલ : ૧૦૦૦

પ્રાપ્તિસ્થાન : (૧) પ્રકાશક સંસ્થા
(૨) સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ, અમદાવાદ - ૩૮૦૦૦૧.
(૩) સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર,
મુંબઈ - ૪૦૦ ૦૦૨.

મુદ્રક : જિનેશ્વર ગ્રાફીક્સ
૪, નવકાર ડુપ્લેક્ષ, શાંતિનગર, જૈનદેરાસર સામે,
ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦ ০૧૩.
ફોન : ૭૫૫૧૯૫૪, મોબાઈલ : ૯૮૨૪૦-૧૫૫૧૪


રાવ પરિવારમાં ધર્મ-સંસ્કારનું સિંચન કરનાર 'સૂરિરામ'ના
પરમભક્ત શ્રાદ્ધવર્ય સ્વ.શ્રી મનુભાઈ કલ્યાણભાઈ રાવ


સ્વ. જિતેન્દ્રભાઈ કલ્યાણભાઈ રાવ



સ્વ. અ.સૌ.સુનંદાબેન હસમુખલાલ ઝવેરી



સ્વ. અ.સૌ.સુલોચનાબેન શૈલેષભાઈ શાહ

શ્રી નવપદપૂજાનું નવનીત:

સં. ૨૦૫૬
આસો સુદ-૫.

– આ.વિ. મિત્રાનંદસૂરિ

## અંતરની વાત...

પૂજ્યપાદ ધર્મતીર્થપ્રભાવક સિદ્ધાંતસંરક્ષક અખંડલાલ બ્રહ્મચારી આ.ભ. **શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજીમહારાજાની** તારક નિશ્રામાં અમારા લઘુબંધુ ચંદકાંતને તથા તેનાં ધર્મપત્ની હેમાંગિનીને શાશ્વતી ઓળી કરાવવાના મનોરથ જાગતાં પૂજ્યશ્રીને વિનંતિ કરી. પૂ.શ્રી એ જણાવ્યું: ભાવિકોને વધુ રસ પડે, આનંદ આવે, ભાવોલ્લાસ વધે એવું આયોજન થવું જોઈએ. એને માટે પૂ.શ્રીએ સંગીતના માધ્યમસાથે શ્રી યશો વિ.મ.ની નવપદની પૂજાની રોજ ૧-૧ પદની ઢાળ ઉપર પ્રવચન થાય તો લોકોને નવપદની રહસ્યમય વાતો સાંભળવા જાણવા મળે એનાથી આરાધનામાં ભાવોલ્લાસ ખૂબ વધે વગેરે વાતો જણાવી. તુરત જ અમે સૌએ એને વધાવી લીધી. પ્રીતમનગરમાં સરસ્વતીબેન ઉપાશ્રયમાં, નવો ઉપાશ્રય - નવો સંઘ હોવા છતાં ખૂબ સારી સંખ્યામાં ઓળીની આરાધના થઈ. રોજ પ્રવચનમાં પણ મોટી સંખ્યામાં ભાવિકો આવતા, મંડપ ભરાઈ જતો. તે વખતથી મારાં ધ.પ. ઈનાને આવી ઓળી કરાવવાના ભાવ હતા. તેમાં ચાલુ વર્ષે પૂ.આ.ભ. નું ચાતુર્માસ શ્રી લક્ષ્મીવર્ધક જૈનસંઘમાં થયું. સૌ. ઈનાને નવપદની નવમી-છેલ્લી ઓળી હતી. તેથી ઓળીનો લાભ અમને મળે તે માટે પૂ. શ્રીને તથા શ્રી સંઘને અમે વિનંતિ કરી. પુણ્યોદયે બીજા ભાગ્યશાળીની વિનંતિ હોવા છતાં અમને લાભ મળ્યો. અમારો મન મયૂર નાચી ઊઠ્યો.

શ્રોતાઓના હાથમાં પૂજાના કાગળોની જગ્યાએ વ્યવસ્થિત પુસ્તિકા જ હોય તો હૈયાના ભાવો વધારે ઊછળે એ હેતુથી, પૂ.શ્રીએ શ્રીનવપદ પૂજાની અર્થ સાથે પુસ્તિકા તૈયાર કરી આપવામાં અથાગ પુરુષાર્થ કર્યો. એ પુસ્તિકા આપના કરકમળમાં મૂકતાં ગૌરવ અને આનંદ અનુભવીએ છીએ. આ પૂજા તથા અર્થના માધ્યમથી નવપદના તપ-જપ-ધ્યાન દ્વારા સૌ નવપદમય બને એ જ શુભાભિલાષા...

સં.૨૦૫૬ — **લિ. કલ્યાણભાઇ મણિભાઇરાવ પરિવાર વતી**
આસો સુદ-૫. — **અરવિંદભાઇ કલ્યાણભાઇ રાવ**

## પૂ.ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મ. વિરચિત
# શ્રીનવપદજીની પૂજા સાર્થ
### પ્રથમ શ્રીઅરિહંતપદ પૂજા.

(કાવ્યં-ઉપજાતિવૃત્તમ્)

ઉપ્પન્ન - સન્નાણ - મહોમયાણં, સપ્પાડિહેરાસણ - સંઠિયાણં;
સદ્દેસણાણંદિયસજ્જણાણં, નમો નમો હોઉ સયાજિણાણં.૧

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

નમોઽનંતસંતપ્રમોદપ્રદાન -
પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય;
થયા જેહના ધ્યાનથી સૌખ્યભાજા,
સદા સિદ્ધચક્રાય શ્રીપાલરાજા. ૨

---

આદિ કાવ્યાર્થ:-

પ્રકટ થયેલા કેવળજ્ઞાનરૂપી તેજવાળા, અષ્ટ પ્રાતિહાર્ય સાથે સિંહાસન ઉપર બિરાજમાન, ઉત્તમ દેશનાથી આનંદ પમાડ્યો છે સજ્જનોને જેમણે એવા અરિહંત ભગવાનને સદા નમસ્કાર હો!૧

વૃત્તાર્થ :-

નમસ્કાર હો હંમેશા સિદ્ધચક્રજીને, જે ભવ્યાત્માને અનંત અને પ્રત્યક્ષ હર્ષને આપવામાં શ્રેષ્ઠ છે, તેજોમય છે અને જેના ધ્યાનથી શ્રીપાળરાજા સુખ પામવા સમર્થ થયા છે. ૨

કર્યાં કર્મ દુર્મર્મ ચકચૂર જેણે,
ભલાં ભવ્ય નવપદ ધ્યાનેન તેણે;
કરી પૂજના ભવ્ય ભાવે ત્રિકાળે,
સદા વાસિયો આતમા તેણે કાળે. ૩
જિકે તીર્થંકરકર્મ ઉદયે કરીને,
દીએ દેશના ભવ્યને હિત ધરીને;
સદા આઠ મહાપાડિહારે સમેતા,
સુરેશે નરેશે સ્તવ્યા બ્રહ્મપુત્તા,૪
કર્યાં ઘાતિયાં કર્મ ચારે અલગ્ગાં,
ભવોપગ્રહી ચાર જે છે વિલગ્ગાં;
જગત્ પંચ કલ્યાણકે સૌખ્ય પામે,
નમો તેહ તીર્થંકરા મોક્ષકામે.૫

---

ઉત્તમ અને સુંદર નવપદના ધ્યાનથી જેમણે કર્મની દુષ્ટતાનો ચૂરેચૂરો કર્યો છે અને ત્રણે કાળ જેમણે ઉચ્ચપ્રકારના શુભ-ભાવોથી નવપદોની પૂજા કરી છે અને તે કાળે જેમણે પોતાના આત્માને હંમેશા નવપદથી વાસિત બનાવ્યો છે. ૩

જેઓ તીર્થંકરનામકર્મના ઉદયથી ભવ્ય જીવોનું હિત હૃદયમાં ધારણ કરીને દેશના આપે છે, જેઓ સદા આઠ મહાપ્રાતિહાર્ય સહિત હોય છે, અને બ્રહ્મચર્યથી પવિત્ર બનેલા છે. જેઓ ઈન્દ્રો અને નરેન્દ્રથી સ્તવાયેલા છે. ૪

જેઓએ ચાર ઘાતિકર્મોને આત્માથી જુદાં કર્યાંછે. ભવપર્યંત રહેનારાં અઘાતિકર્મો હજી આત્માને વળગેલાં છે અને પાંચે કલ્યાણકો વખતે જગત સુખશાંતિ પામે છે, તે તીર્થંકરોને મોક્ષની ઈચ્છાપૂર્વક નમસ્કાર કરો. ૫



(ઢાળ-ઉલાળાની દેશી)

તીર્થપતિ અરિહા નમું, ધર્મ ધુરંધર ધીરોજી;
દેશના અમૃત વરસતા, નિજ વીરજ વડવીરોજી, ૧

(ઉલાળો)

વર અક્ષય નિર્મળ જ્ઞાનભાસન, સર્વ ભાવ પ્રકાશતા,
નિજ શુદ્ધશ્રદ્ધા આત્મભાવે, ચરણથિરતા વાસતા;
જિનનામકર્મ પ્રભાવ અતિશય, પ્રાતિહારજ શોભતા,
જગજંતુ કરુણાવંત ભગવંત, ભવિકનજનને થોભતા.૨

(પૂજા-ઢાળ, શ્રીપાળના રાસની દેશી. )

ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી, જેણે બાંધ્યું જિનનામ;
ચોસઠ ઈંદ્રે પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામ રે.

---

**ઉલાળાની ઢાળનો અર્થ-**

તીર્થની સ્થાપના કરનાર અરિહંતભગવાનને નમસ્કાર કરું છું. જેઓ ધર્મના પ્રવર્તક અને ધીર છે. ઉપદેશરૂપ અમૃતને વરસાવે છે અને પોતાની આત્મશક્તિ વડે ઉત્તમ સુભટ તુલ્ય છે. ૧

ઉત્તમ, અક્ષય અને નિર્મળ જ્ઞાનના પ્રકાશવડે જે સર્વ પદાર્થોના રહસ્યોને પ્રકટ કરે છે, આત્મભાવમાં જેમની શુદ્ધ શ્રદ્ધા છે, ચારિત્રની સ્થિરતામાં જેઓ રહેનારા છે, તીર્થંકરનામકર્મના પ્રભાવથી ૩૪ અતિશયો અને ૮ પ્રાતિહાર્યોથી સુશોભિત છે, જગતના જીવો ઉપર અનુકંપાવાળા છે, જેઓ જ્ઞાનવંત છે અને ભવ્ય પ્રાણીઓને મોક્ષમાર્ગમાં સ્થિર કરનારા છે. ૨

**પૂજાની ઢાળનો અર્થ :-**

પૂર્વના ત્રીજા જન્મમાં જેઓએ ઉત્તમ વીશ સ્થાનકનો તપ કરી

ભવિકા ! સિદ્ધચક્રપદ વંદો, જિમ ચિરકાળે નંદો રે. ભવિકા.
[ વંદીને આનંદો, નાવે ભવભયફંદો, ટાળે દુરિતહ દંદો,
સેવે ચોસઠ ઈંદો, ઉપશમરસનો કંદો, જિમ ચિરકાલે નંદો રે.
ભ. સિ.] ૧

જેહને હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું;
સકલ અધિક ગુણ અતિશયધારી, તે જિન નમી અઘ ટાળું રે.
ભ. સિ. ૨

જે તિહુંનાણ સમગ્ગ ઉપ્પન્ના, ભોગકરમ ક્ષીણ જાણી;
લેઈ દીક્ષા શિક્ષા દીયે જનને, તે નમીએ જિન નાણી રે,
ભ. સિ. ૩

મહાગોપ મહામાહણ કહીએ, નિર્યામક સત્થવાહ;
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમીએ ઉત્સાહ રે,
ભ. સિ. ૪

---

તીર્થંકરનામકર્મ બાંધ્યું છે, જેઓ ચોસઠ ઈંદ્રોથી પૂજિત છે તેમને હે ભવ્યજીવો તમે પ્રણામ કરો. સિદ્ધચક્રના પ્રથમ પદને વંદન કરો, જેથી દીર્ઘકાળ પર્યંત આનંદ પામો. ૧

જેઓનાં કલ્યાણકોના દિવસોમાં નરકમાં પણ અજવાળું થાય છે, જેઓ સર્વ શ્રેષ્ઠ ગુણના ધારક છે; એ અતિશયવાળા જિનને નમી પાપને દૂર કરું. ૨

જેઓ ત્રણ જ્ઞાન સહિત જન્મ્યા છે અને ભોગાવલીકર્મને ક્ષીણ થયેલાં જાણી દીક્ષા લઈ કેવળજ્ઞાન પામી પ્રાણીઓને ઉપદેશ આપે છે, તે જ્ઞાની જિનેશ્વરદેવોને નમસ્કાર કરીએ. ૩

જેઓ 'મહાગોપ' અને 'મહામાહણ' કહેવાય છે, 'નિર્યામક' અને 'સાર્થવાહ'ની ઉપમાઓ પણ જેમને ઘટે છે, તેવા જિનને ઉત્સાહ



આઠ પ્રાતિહારજ જસ છાજે, પાંત્રીસ ગુણયુત વાણી;
જે પ્રતિબોધ કરે જગજનને, તે જિન નમીએ પ્રાણી રે,
ભ. સિ. ૫

દુહા

અરિહંતપદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે. ૧
વીર જિનેશ્વર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર. ૨

શ્રીઅરિહંતપદ કાવ્ય

જિયંતરંગારિગણે સુનાણે, સપ્પાડિહેરાઈસયપ્પહાણે;
સંદેહસંદોહરયં હરંતે, ઝાએહ નિચ્ચંપિ જિણેરિહંતે. ૧

---

પૂર્વક નમન કરીએ. ૪

જેઓને આઠ પ્રાતિહાર્યો શોભે છે, પાંત્રીસ ગુણોવાળી જેઓની વાણી છે, જગતના જીવોને જેઓ પ્રતિબોધ કરે છે, તેઓને હે પ્રાણીઓ! વંદન કરીએ.૫

**દુહાનો અર્થ:-**

દ્રવ્ય ગુણ અને પર્યાયથી અરિહંતપદનું ધ્યાન કરતો આત્મા, આત્માના અને પરમાત્માના ભેદનો છેદ કરી અરિહંતરૂપ થાય છે. ૧

હવે વીરપરમાત્મા ઉપદેશ કરે છે તે તમે સાવધાનતાથી સાંભળજો. આત્માના ધ્યાનથી આત્માની ભૂલાયેલી સર્વ સંપત્તિ પાછી તેને મળે છે. ૨

**કાવ્યનો અર્થ :-**

અંતર શત્રુઓના સમૂહને જીતનારા, ઉત્તમ જ્ઞાનવાળા, ઉત્તમ

સ્નાત્ર કાવ્ય (દ્રુતવિલંબિતવૃત્તમ્)

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જંતુમહોદયકારણમ્,
જિનવરં બહુમાનજલૌઘતઃ,શુચિમનાઃસ્નપયામિવિશુદ્ધયે.૧
સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે, સકલદેવે વિમળકળશનીરે,
આપણાં કર્મમલ દૂર કીધાં,તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા ૨
હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ ભાવે,
જિહાં લગે સુરગિરિ જંબૂદીવો, અમતણા નાથ દેવાધિદેવો.૩

**મંત્ર :-** ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં યજામહે સ્વાહા.

---

આઠ પ્રાતિહાર્ય અને ચોત્રીશ અતિશયોથી શ્રેષ્ઠ, ભવ્ય જીવોના સંદેહોના સમૂહરૂપી રજનું હરણ કરનારા અને રાગદ્વેષને જીતનારા અરિહંતપ્રભુનું હંમેશા ધ્યાન કરો.૧

**સ્નાત્રકાવ્યનો અર્થ :**

નિર્મળ કેવળજ્ઞાનથી સૂર્ય સમાન અને જગતના સર્વ પ્રાણીના મહોદયના કારણભૂત એવા જિનવરના બહુમાનરૂપ જળના પ્રવાહથી પવિત્ર મનવાળો હું આત્મવિશુદ્ધિને માટે સ્નાત્ર કરું છું. ૧

સર્વ દેવતાઓએ નિર્મળ કળશના જળથી જગદ્‌ગુરુના શરીરે સ્નાત્ર કરીને પોતપોતાના કર્મમળને દૂર કર્યા તેથી જ તે વિબુધ (પંડિત) એવા નામથી શાસ્ત્રમાં પ્રસિદ્ધ થયા છે. ૨

જન્મકલ્યાણક સમયે અપ્સરાઓ હર્ષથી ત્યાં આવે છે અને પ્રભુનું સ્નાત્ર કરીને એમ આશિષ આપે છે કે, જ્યાંસુધી આ મેરુપર્વત અને જંબૂદ્વીપ કાયમ રહે ત્યાંસુધી આ અમારા નાથ દેવાધિદેવ જીવતા રહો.

**મંત્રનો અર્થ :** ૐ હ્રીં શ્રીં એ ત્રણ મંત્રાક્ષરો છે. પરમપુરુષ, પરમેશ્વર, જન્મ-જરા-મૃત્યુનું નિવારણ કરનારા કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીવાળા શ્રીજિનેશ્વરદેવની અમે જલ વગેરેથી પૂજા કરીએ છીએ.



# દ્વિતીય શ્રીસિદ્ધપદ પૂજા

(આદ્યકાવ્યં-ઇન્દ્રવજ્રાવૃત્તમ્.)

સમગ્ગકમ્મક્ખયકારયાણં, જમ્મં જરાદુક્ખનિવારયાણં;
સિદ્ધાણમાણંદરમાલયાણં, નમો નમોઽણંતચઉક્કયાણં.૧.

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

કરી અષ્ટકર્મક્ષયે પાર પામ્યા,
જરા જન્મ મરણાદિ ભય જેણે વામ્યા,
નિરાવરણ જે આત્મરૂપે પ્રસિદ્ધા,
થયા પાર પામી સદા સિદ્ધબુદ્ધા. ૧
ત્રિભાગોનદેહાવગાહાત્મદેશા,
રહ્યા જ્ઞાનમય જાત વર્ણાદિ લેશ્યા,

---

**આદ્ય કાવ્યાર્થ :**

સર્વકર્મનો ક્ષય કરનારા, જન્મ,જરા વગેરે દુઃખોના નિવારક, પરમાનંદ લક્ષ્મીના સ્થાન રૂપ અને અનંત ચતુષ્ટયના ધારક સિદ્ધ-ભગવાનને વારંવાર નમસ્કાર હો !

**વૃત્તાર્થ :**

જેઓ આઠ કર્મનો ક્ષય કરી સંસારસમુદ્રનો પાર પામ્યા છે, જરા-વૃદ્ધાવસ્થા, જન્મ અને મરણાદિના ભયો જેમણે વમી નાખ્યા છે, કર્મના આવરણ રહિત નિર્મળ આત્મસ્વરૂપે જેઓ પ્રસિદ્ધ થયેલા છે અને સંસારસમુદ્રનો પાર પામી હંમેશ માટે સિદ્ધ-બુદ્ધ થયેલા છે. ૧

જેમના આત્મપ્રદેશની અવગાહના છેલ્લા ભવના શરીરથી ત્રીજે ભાગે ઓછી છે, જે જ્ઞાનમય છે, વર્ણાદિ લેશ્યાઓ રહિત છે, સદા

સદાનંદસૌખ્યશ્રિતા જ્યોતિરૂપા,

અનાબાધ અપુનર્ભવાદિ સ્વરૂપા. ૨

ઢાળ- ઉલાળાની દેશી

સકલ કરમમલ ક્ષય કરી, પૂરણ શુદ્ધ સ્વરૂપોજી,

અવ્યાબાધ પ્રભુતામયી,આતમસંપત્તિ ભૂપોજી. ૧

ઉલાલો

જેહ ભૂપ આતમ સહજ સંપત્તિ, શક્તિ વ્યક્તિપણે કરી,

સ્વદ્રવ્યક્ષેત્ર સ્વકાળભાવે, ગુણ અનંતા આદરી;

સુસ્વભાવગુણપર્યાય પરિણતિ, સિદ્ધસાધન પર ભણી,

મુનિરાજ માનસહંસ સમવડ, નમો સિદ્ધ મહાગુણી. ૨

---

આનંદ અને સુખના આશ્રયરૂપ છે, જ્યોતિસ્વરૂપ છે, પીડારહિત છે અને ફરીથી જન્મ ધારણ કરવા રૂપ ભવપરંપરા પામનારા નથી. ૨

**ઉલાળાની ઢાળનો અર્થ :**

સર્વ કર્મરૂપ મેલને દૂર કરી જેઓ પૂર્ણ શુદ્ધ સ્વરૂપવાળા છે, પીડા રહિત છે, ઐશ્વર્યવાળી આત્મિક સંપત્તિના સ્વામી છે. ૧

જેઓ સ્વાભાવિક આત્મિક સંપત્તિના સ્વામી છે, જેઓએ પોતાની આત્મિકશક્તિ પ્રકટ કરી છે, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવપૂર્વક અનંત ગુણો પ્રાપ્ત કર્યા છે, તથા મુનિરાજોના મનરૂપી માનસરોવરમાં જે રાજહંસ સમાન છે; એવા સંપૂર્ણ ગુણવાન સિદ્ધભગવાનને પોતાનો શુદ્ધ સ્વભાવ, ગુણો અને પર્યાયની પરિણતિનું સાધન; ઉત્તમ રીતે સિદ્ધ કરવા માટે નમસ્કાર કરો.૨





સમયએસંતર અણફરસી, ચરમ તિભાગ વિશેષ;

અવગાહન લહી જે શિવ પોહોતા, સિદ્ધ નમો તે અશેષ રે.

ભવિકા ! સિ. ૧

પૂર્વપ્રયોગ ને ગતિપરિણામે, બંધનછેદ અસંગ;

સમય એક ઉરધગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગ રે.

ભવિકા ! સિ. ૨

નિર્મળ સિદ્ધશિલાની ઉપરે, જોયણ એક લોગંત;

સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો સંત રે.

ભવિકા ! સિ. ૩

જાણે પણ ન શકે કહી પુરગુણ, પ્રાકૃત તેમ ગુણ જાસ;

ઉપમા વિણ નાણી ભવમાંહે, તે સિદ્ધ દિયો ઉલ્લાસ રે,

ભવિકા ! સિ. ૪

---

**પૂજાની ઢાળનો અર્થ :**

એક સમયમાં (શ્રેણી સિવાયના અન્ય) પ્રદેશને સ્પર્શ કર્યા વગર, ત્રણ (ત્રીજો) ભાગ ઓછી છેલ્લા શરીરમાં રહેલા આત્મપ્રદેશોની અવગાહના વડે જેઓ મોક્ષે ગયા છે, તે સમસ્ત સિદ્ધના જીવોને નમસ્કાર હો ! ૧

પૂર્વપ્રયોગથી, ગતિસ્વભાવથી, બંધનનો છેદ થવાથી અને સંગરહિત થવાથી એક સમયમાત્રમાં જેમની ઊંચે ગતિ થયેલી છે. તે સિદ્ધોને આનંદપૂર્વક પ્રણામ કરો. ૨

નિર્મળ સિદ્ધશિલાની ઉપર ઉત્સેધાંગુલના માપે એક યોજન દૂર લોકનો અંત છે, ત્યાં જેમની સાદિ અનંતકાળની સ્થિતિ છે; તે સિદ્ધના જીવોને, હે સત્પુરુષો ! તમે નમન કરો. ૩

જેમ ગામડિયો માણસ નગરના ગુણ જાણે છે પણ ઉપમા

જ્યોતિશું જ્યોતિ મળી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ;
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ રે,
ભવિકા ! સિ. ૫

દુહો

રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ નાણી રે,
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણખાણી રે. વીર. ૧

શ્રી સિદ્ધપદ કાવ્ય

દુટ્ઠટ્ઠકમ્માવરણપ્પમુક્કે, અનંતનાણાઈસિરિચઉક્કે;
સમગ્ગલોગગ્ગપયપ્પસિદ્ધે, ઝાએહ નિચ્ચંપિ સમગ્ગસિદ્ધે. ૨

સ્નાત્રકાવ્ય તથા મંત્ર અને એનો અર્થ પહેલી પૂજાની જેમ સમજી લેવાં.

આપવા યોગ્ય પદાર્થ ન હોવાથી કહી શકતાં નથી, તેમ સંસારમાં જ્ઞાનીપુરુષોને જેઓનું સ્વરૂપ કહેવાને માટે ઉપમા મળી શકતી નથી; તે સિદ્ધના જીવો આનંદ આપો ! ૪

અનુપમ એવી જેમની જ્યોતિ અન્ય સિદ્ધભગવંતોની જ્યોતિઓમાં મળી ગઈ છે, જેમની સમસ્ત ઉપાધિ વિરામ પામી ગઈ છે, જેઓ આત્મામાં રમણ કરનારા છે, આધ્યાત્મિક લક્ષ્મીના સ્વામી છે અને સ્વાભાવિક સમાધિવાળા છે; તે સિદ્ધોનું સ્મરણ કરો. ૫

દુહાનો અર્થ :

રૂપાતીત સ્વભાવના અને કેવળદર્શન તથા કેવળજ્ઞાનના ધારક સિદ્ધોનું જેઓ ધ્યાન કરે છે, તેઓનો આત્મા ગુણની ખાણરૂપ સિદ્ધ થાય છે. ૧

સિદ્ધપદ-કાવ્યનો અર્થ :

દુષ્ટ એવાં આઠ કર્મોનાં આવરણથી મુકાએલા, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય. આ ચાર અનંતની લક્ષ્મીવાળા, સમગ્ર લોકના અગ્રભાગમાં રહેલા એવા સઘળાય સિદ્ધોનું હંમેશા ધ્યાન કરો. ૨



# તૃતીય શ્રીઆચાર્યપદ પૂજા

(આદ્ય કાવ્યં, ઇંદ્રવજ્રાવૃત્તમ્)

સદ્દંસણાણં સમાયરાણં, અખંડછત્તીસગુણાયરાણં;
સૂરીણ દૂરીકયકુગ્ગહાણં, નમો નમો સૂરસમપ્પહાણં.॥ ૧॥

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

નમું સૂરિરાજા સદા તત્ત્વતાજા,
જિનેંદ્રાગમે પ્રૌઢ સામ્રાજ્યભાજા,
ષટ્‌વર્ગવર્જિત ગુણે શોભમાના,
પંચાચારને પાળવે સાવધાના. ૧
ભવિ પ્રાણીને દેશના દેશકાળે,
સદા અપ્રમત્તા યથાસૂત્ર આલે;

આદિ કાવ્યાર્થ :

સમ્યગ્દર્શનના ધારક, સમ્યગ્આચારના પાલક, સંપૂર્ણ છત્રીશ ગુણના ભંડાર, કુગ્રહો જેમણે દૂર કરેલા છે અને જેઓ સૂર્ય જેવા અત્યંત તેજસ્વી છે; તે આચાર્યને નમસ્કાર હો !

વૃત્તાર્થ :

જેઓનું તત્ત્વજ્ઞાન હમેશા તાજું (સ્ફુરાયમાન) રહેલું છે. જેઓ જિનેન્દ્ર આગમના ઉત્તમ સામ્રાજ્યને ભોગવે છે, છત્રીશ ગુણવડે સુશોભિત છે, પાંચ આચારને પાળવામાં સાવધાન છે, તે રાજા જેવા આચાર્યભગવાનને નમસ્કાર કરું છું. ૧

હંમેશા દેશકાળને અનુસરીને ભવ્ય પ્રાણીને સૂત્ર અનુસાર અપ્રમત્તપણે ઉપદેશ આપે છે, જેઓ શાસનના આધારભૂત સ્થંભ છે,

જિકે શાસનાધાર દિગ્દંતિકલ્પા,

જગે તે ચિરંજીવજો શુદ્ધ જલ્પા. ૨

**(ઢાળ-ઉલાળાની દેશી)**

આચારજ મુનિપતિ ગણિ, ગુણ છત્રીશી ધામોજી;
ચિદાનંદ રસ સ્વાદતા, પરભાવે નિઃકામોજી, ૧

**ઉલાલો**

નિઃકામ નિર્મળ શુદ્ધચિદ્ઘન, સાધ્ય નિજ નિરધારથી,
નિજ જ્ઞાન દર્શન ચરણ વીરજ, સાધના વ્યાપારથી;
ભવિજીવબોધક તત્ત્વશોધક, સયલ ગુણ સંપત્તિધરા,
સંવર સમાધિ ગતઉપાધિ, દુવિધ તપગુણ આગરા. ૨

**(પૂજા ઢાળ, શ્રીપાળના રાસની દેશી)**

પંચ આચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો;

---

દિગ્ગજ તુલ્ય છે, તે શુદ્ધ પ્રરૂપણા કરનાર આચાર્યભગવાન જગતમાં ચિરંજીવ રહો. ૨

**ઉલાળાની ઢાળનો અર્થ :**

આચાર્યભગવાન મુનિઓના સ્વામી છે, ગણના નાયક ગણિ છે, છત્રીશ ગુણોનું સ્થાનછે, જ્ઞાનાનંદરૂપ રસનો સ્વાદ લેછે અને પૌદ્ગલિક ભાવોમાં ઈચ્છારહિત છે. ૧

પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યરૂપ સાધનના વ્યાપારથી નિષ્કામ, નિર્મળ અને શુદ્ધ કેવળજ્ઞાન રૂપ સાધ્યને સિદ્ધ કરવાનો જેઓનો નિર્ધાર (નિશ્ચય) છે, ભવ્ય જીવોને જે બોધ પમાડે છે, તત્ત્વોનું શોધન કરે છે, સમસ્ત ગુણોરૂપ સંપત્તિને ધારણ કરનારા છે, સંવર અને સમાધિવાળા છે તેમજ ઉપાધિથી રહિત છે અને બે પ્રકારના તપરૂપ ગુણોની ખાણ છે. ૨



તે આચારજ નમીએ તેહશું, પ્રેમ કરીને જાચો રે.

ભવિકા ! સિ. ૧

વર છત્રીશ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે ;
જગ બોહે ન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે રે.

ભવિકા ! સિ. ૨

નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહીં વિકથા ન કષાય;
જેહને તે આચારજ નમીએ, અકલુષ અમલ અમાય રે.

ભવિકા ! સિ. ૩

જે દિયે સારણ વારણ ચોયણ, પડિચોયણ વળી જનને;
પટધારી ગચ્છ થંભ આચારજ, તે માન્યા મુનિ મનને રે.

ભવિકા ! સિ. ૪

---

**પૂજાની ઢાળનો અર્થ :**

જે સારી રીતે પંચાચારનું પાલન કરે છે, સત્ય માર્ગનો ઉપદેશ કરે છે તે આચાર્યભગવાનને નમસ્કાર કરો અને તેમની સાથે પ્રેમ પ્રકટાવીને પ્રેમપૂર્વક યાચના કરો. ૧

ઉત્તમ છત્રીશ ગુણોવડે જે શોભે છે, યુગપ્રધાન હોવાથી મનુષ્યોને આશ્ચર્ય પમાડે છે, જગતને બોધ કરે છે, ક્ષણમાત્ર પણ ક્રોધવશ રહેતા નથી, એ સુભટ જેવા આચાર્યભગવંતને નમું છું. ૨

હંમેશા અપ્રમત્તપણે ધર્મનો ઉપદેશ આપે છે, વિકથા અને કષાય જેમને નથી, પાપરહિત, નિર્મળ અને માયા વગરના છે, તે આચાર્યભગવાનને નમસ્કાર કરીએ. ૩

વળી જે આરાધક જીવોને સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા આપે છે, પટ્ટધર છે, ગચ્છના સ્થંભરૂપ છે, તે આચાર્યભગવાન મુનિજનોનાં મનને આનંદ પ્રકટાવનાર છે. ૪

અત્યમિયે જિન સૂરજ કેવળ, ચંદે જે જગદીવો;
ભુવન પદારથ પ્રકટન પટુ તે, આચારજ ચિરંજીવો રે.
ભવિકા ! સિ. ૫

દુહો
ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભધ્યાની રે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે. વી.

શ્રીઆચાર્યપદ કાવ્ય
ન તં સુહં દેઈ પિયા ન માયા, જે દિંતિ જીવાણિહ સૂરિપાયા;
તમ્હાહુ તે ચેવ સયા મહેહ, જં મુક્ખસુક્ખાઈં લહું લહેહ. ૧

સ્નાત્રકાવ્ય અને મંત્ર તથા તેનો અર્થ અરિહંતપદની પૂજાને અંતે આપેલ છે, તે મુજબ જાણવાં

---

જિનેશ્વરરૂપ સૂર્ય અસ્ત પામે છતે અને કેવળજ્ઞાન રૂપ ચંદ્ર અસ્ત પામે છતે જગતમાં દીપકરૂપે જે પ્રકાશ આપે છે, ત્રણ ભુવનના પદાર્થોને પ્રકટ કરવામાં જે કુશળ છે, તે આચાર્યભગવાન, ચિરકાળ જય પામો. ૫

દુહાનો અર્થ :

પંચપ્રસ્થાનપૂર્વક સૂરિમંત્રનું ધ્યાન કરનારા આચાર્યભગવંતનું જે આરાધક ધ્યાન કરે છે. તે આચાર્ય બની જાય છે.

આચાર્યપદ કાવ્યનો અર્થ :

પ્રાણીઓને જે સુખ આચાર્ય મહારાજા આપે છે, તે સુખ પિતા કે માતા પણ આપતા નથી, તેથી આચાર્ય મહારાજની તમે હંમેશા સેવા કરો કે જેથી મોક્ષનાં સુખો શીઘ્ર પ્રાપ્ત થાય. ૧



# ચતુર્થ શ્રીઉપાધ્યાયપદ પૂજા

(આવકાવ્યં-ઈન્દ્રવજ્રાવૃત્તમ્)
ગણસ્સસંધારણસારયાણં, સવ્વક્ખણાવજ્જિયમંથરાણં;
સુત્તત્થવિત્થારણતપ્પરાણં, નમો નમો વાયગકુંજરાણં; ॥૧॥

(ભુજંગપ્રયાતવૃત્તમ્)
નહીં સૂરિ પણ સૂરિગણને સહાયા,
નમું વાચકા ત્યક્ત- મદ - મોહ - માયા;
વળી દ્વાદશાંગાદિ સૂત્રાર્થદાને,
જિકે સાવધાના નિરુદ્ધાભિમાને. ૧
ધરે પંચને વર્ગવર્ગિત ગુણૌઘા,
પ્રવાદિદ્વિપોચ્છેદને તુલ્ય સિંઘા;
ગણી ગચ્છ સંધારણે સ્થંભભૂતા,
ઉપાધ્યાય તે વંદીએ ચિત્ પ્રભુતા. ૨

---

આવકાવ્યાર્થ :

સાધુ સમુદાયને સારી રીતે ધારણ કરનારા, ગણની સંભાળ રાખનારા અને મંદબુદ્ધિવાળા જડશિષ્યોને જ્ઞાનદાનની કુશળતાથી આકર્ષનારા, સૂત્રના અર્થનો વિસ્તાર કરવામાં તત્પર વાચકરૂપ હસ્તીને વારંવાર નમસ્કાર કરો.

વૃત્તાર્થ :

જે આચાર્ય નથી પણ આચાર્ય મ.ના ગચ્છની સંભાળ રાખવામાં સહાય કરનારા છે. અહંકાર અને મોહ-માયાથી મુક્ત છે, વળી બારઅંગાદિ સૂત્રોના અર્થ નિરભિમાનપણે દેવામાં સાવધાન છે. ૧

પચીશ ગુણોના સમૂહને ધારણ કરે છે, પ્રખરવાદીરૂપી હાથીઓને હરાવવામાં સિંહ જેવા છે, ગચ્છને ધારણ કરવામાં મજબૂત સ્થંભતુલ્ય છે, તે જ્ઞાનની પ્રભુતાવાળા ઉપાધ્યાયને વંદન કરીએ.

(ઢાળ-ઉલાળાની દેશી)

ખંતિજુઆ મુત્તિજુઆ, અજ્જવ મદ્દવ જુત્તાજી;
સચ્ચં સોયં અકિંચણા, તવ સંજમ ગુણરત્તાજી. ૧

ઉલાલો

જે રમ્યા બ્રહ્મ સુગુપ્તિગુપ્તા, સમિતિસમિતા શ્રુતધરા;
સ્યાદ્વાદવાદે તત્ત્વવાદક, આત્મપર-વિભજનકરા;
ભવભીરૂ સાધનધીર શાસન-વહન ધોરી મુનિવરા,
સિદ્ધાંત વાયણ દાન સમરથ, નમો પાઠક પદધરા. ૧

(પૂજા ઢાળ, શ્રીપાળના રાસની દેશી)

દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારગ તાસ ;

---

**ઉલાળાની ઢાળનો અર્થ :**

જેઓ ક્ષમા, નિર્લોભતા, સરળતા અને મૃદુતાવાળા છે; સત્ય, શૌચ (અતિચાર ન લાગવા દેવારૂપ સંયમની પવિત્રતા), અકિંચનપણુ અને તપ તથા સંયમ (સંવર) રૂપ સાધુધર્મમાં લીન છે. ૧

જે બ્રહ્મચર્યમાં લીન છે, સુંદર ત્રણ ગુપ્તિવડે સુરક્ષિત છે, (પાંચ) સમિતિવાળા છે, શ્રુતજ્ઞાનને ધારણ કરનારા છે. સ્યાદ્‌વાદશૈલીથી તત્ત્વનું સુંદર પ્રતિપાદન કરનારા છે, જડ અને ચેતનનો (સ્વપરનો) ભેદ પાડનારા છે, ભવભીરૂ છે, સાધના કરવામાં ધીર છે, પ્રભુશાસનને વહન કરવામાં વૃષભસમાન શ્રેષ્ઠ મુનિ છે, આગમની વાચનાનું દાન કરવામાં સમર્થ છે, એવા પાઠકપદને ધારણ કરનારા ઉપાધ્યાયજીને નમસ્કાર કરો. ૧ આચાર્ય અર્થ ભણાવનાર છે, ઉપાધ્યાય સૂત્ર ભણાવનારા છે. આ રીતે અર્થ-સૂત્ર ભણાવવાનો વિભાગ શાસ્ત્રમાં કરવામાં આવ્યો છે.

**પૂજાની ઢાળનો અર્થ :**

જે બાર અંગોનો સ્વાધ્યાય કરે છે, તેના પારગામી હોવાથી તેને



સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસ રે.
ભવિકા ! સિ. ૧

અર્થ-સૂત્રને દાન વિભાગે, આચારજ ઉવજ્ઝાય;
ભવ ત્રીજે જે લહે શિવસંપદ, નમીએ તે સુપસાય રે.
ભવિકા ! સિ. ૨

મૂરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ પહાણને પલ્લવ આણે;
તે ઉવજ્ઝાય સકળજનપૂજિત, સૂત્ર અર્થ સવિ જાણે રે.
ભવિકા ! સિ. ૩

રાજકુમાર સરિખા ગણચિંતક, આચારજ પદ યોગ;
તે ઉવજ્ઝાય સદા તે નમતાં, નાવે ભવભવ શોગ રે.
ભવિકા ! સિ. ૪

---

(તેના રહસ્યાર્થને) ધારણ કરનારા છે, સૂત્રના અર્થને વિસ્તારવામાં (વાચના આપવામાં) ચતુર છે, તે ઉપાધ્યાયભગવાનને ઉલ્લાસથી નમસ્કાર કરો. ૧

અર્થ અને સૂત્ર આપવાના વિભાગે (અનુક્રમે) આચાર્ય અને ઉપાધ્યાય છે, જે ત્રીજે ભવે મોક્ષલક્ષ્મી પામનારા છે, ઉપાધ્યાયજીને પ્રસન્નમનથી નમસ્કાર કરીએ. ૨

જાણે પત્થર ઉપર પણ અંકુરા ઉગાડવાને સમર્થ હોય તેમ મૂર્ખ શિષ્યને પણ વિદ્વાન બનાવી શકે છે, તે ઉપાધ્યાયભગવંત સર્વ જનોથી પૂજિત છે અને સઘળાય સૂત્ર - અર્થને જાણે છે. ૩

આચાર્યમહારાજરૂપ રાજાના યુવરાજ સમાન છે, ગચ્છની ચિંતા રાખનારા છે, આચાર્યપદને જે યોગ્ય છે, તે ઉપાધ્યાયજીને હંમેશા નમસ્કાર કરતાં સંસારનો ભય અને શોક આવતો નથી. (નાશ પામી જાય છે.) ૪

બાવનાચંદન રસ સમ વયણે, અહિત તાપ સવિ ટાળે;
તે ઉવજ્ઝાય નમીજે જે વળી, જિનશાસન અજુવાળે રે.
ભવિકા સિ. ૫.

દુહો

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે. વીર. ૧

શ્રી ઉપાધ્યાયપદ કાવ્ય

સુત્તત્થસંવેગમયં સુએણં, સંનીરખીરામયવિસ્સુએણં;
પીણંતિ જે તે ઉવજ્ઝાયરાએ, ઝાએહ નિચ્ચંપિ કયપ્પસાએ. ૧

બાવનાચંદનના રસ જેવા શીતળ વચનોવડે પ્રાણીના અહિતરૂપી સર્વતાપને જે દૂર કરે છે, તેમજ જે જિનશાસનને (વિશેષપણે) પ્રકાશિત કરેછે, તે ઉપાધ્યાય ભગવાનને નમસ્કાર કરો. ૫

**દુહાનો અર્થ :**

જે તપ અને સ્વાધ્યાયમાં સદા લીન છે, બાર અંગનું ધ્યાન કરે છે, વિશ્વના બંધુ છે અને જગત સાથે બંધુભાવથી વર્તે છે તેવો આત્મા જ ઉપાધ્યાયભગવાન કહેવાય છે. ૧

**ઉપાધ્યાયપદ કાવ્યનો અર્થ :**

ઉત્તમ જલ, દૂધ તથા અમૃતજેવા સૂત્ર, અર્થ તથા વૈરાગ્યમય જ્ઞાનનું જે ઉપાધ્યાયો ભવ્યજનોને પાન કરાવે છે, તે કરુણાવંત ઉપાધ્યાયભગવંતનું હંમેશા ધ્યાન ધરો. ૧

ચોથી ઉપાધ્યાય પદ પૂજા - અર્થ સમાપ્ત



## પંચમ શ્રીમુનિપદ પૂજા

(આદ્યકાવ્યં-ઇન્દ્રવજ્રાવૃત્તમ્)

તિગુત્તિગુત્તાણ સમાહિયાણં, મુણીંદમાણંદપયટ્ઠિઆણં;
સાહૂણ સંસાહિઅસંજમાણં, નમો નમો સુદ્ધદયાદમાણં. ॥૧॥

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

કરે સેવના સૂરિ વાયગ ગણિની,
કરું વર્ણના તેહની શી મુણિની,
સમેતા સદા પંચસમિતિત્રિગુપ્તા,
ત્રિગુપ્તે નહીં કામભોગેષુ લિપ્તા. ૧
વળી બાહ્ય અભ્યંતર ગ્રંથિ ટાળી,
હોયે મુક્તિને યોગ્ય ચારિત્ર પાળી;
શુભાષ્ટાંગ યોગે રમે ચિત્ત વાળી,
નમું સાધુને તેહ નિજ પાપ ટાળી. ૨

**આદ્યકાવ્યાર્થ :**

જેઓ ત્રણ ગુપ્તિથી ગુપ્ત, સમાધિવંત, આનંદમગ્ન હોય છે, જેમણે સારી રીતે સંયમનું પાલનકર્યું છે,શુદ્ધ દયાપૂર્વક જેમણે ઇંદ્રિયદમન કરેલું છે, તેવા સાધુજનોને વારંવાર નમસ્કાર હો !

**વૃત્તાર્થ :**

જેઓ આચાર્ય, ઉપાધ્યાય અને ગણિની સેવા કરે છે, સર્વદા પાંચ સમિતિથી સહિત છે, ત્રણ ગુપ્તિથી સુરક્ષિત છે, પાંચ ઇન્દ્રિયના વિષયોમાં આસક્તિ વગરના છે તે મુનિજનોની શું પ્રશંસા કરું ? (અર્થાત્ જેટલી કરું તેટલી ઓછી જ છે.) ૧

વળી બાહ્ય અને અંતર પરિગ્રહની ગ્રંથિઓ રહિત છે, મોક્ષ પ્રાપ્ત કરાવે તેવું ચારિત્ર પાળે છે, ચિત્તને સાવધાન રાખી સુંદર અષ્ટાંગ યોગમાં રમણ કરે છે એવા સાધુઓને પોતાનું પાપ દૂર કરવા નમસ્કાર કરું છું. ૨

(ઢાળ-ઉલાળાની દેશી)

સકલ વિષયવિષ વારીને, નિઃકામી નિઃસંગીજી;
ભવ દવ તાપ શમાવતા, આતમસાધન રંગીજી.

ઉલાળો

જે રમ્યા શુદ્ધ સ્વરૂપ રમણે, દેહ નિર્મમ નિર્મદા,
કાઉસ્સગ્ગ મુદ્રા ધીર આસન, ધ્યાનઅભ્યાસી સદા;
તપ તેજ દીપે કર્મ જીપે, નૈવ છીપે પરભણી,
મુનિરાજ કરુણાસિંધુ ત્રિભુવન-બંધુ પ્રણમું હિતભણી. ૧

(પૂજા ઢાળ, શ્રીપાળના રાસની દેશી)

જેમ તરુફૂલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે;
લેઈ રસ આતમ સંતોષે, તેમ મુનિ ગોચરી જાવે રે
ભ. સિ. ૧

---

**ઉલાળાની ઢાળનો અર્થ :**

જેઓ સર્વ વિષયના ઝેરનું નિવારણ કરીને નિષ્કામ અને સંગરહિત થયા છે, સંસારરૂપ દાવાનળનો તાપ શમાવે છે અને આત્મિક સાધનવડે રંગાયેલા છે. ૧

જેઓ શુદ્ધ આત્મસ્વરૂપની સ્થિરતામાં રહેલા છે, શરીર ઉપરના મમત્વ વગરના અને અહંકાર રહિત છે. કાઉસગ્ગ મુદ્રામાં મોટાભાગે રહેનારા ધૈર્યવાળા, આસન અને ધ્યાનના નિરંતર અભ્યાસી છે, તપના તેજથી દેદીપ્યમાન છે, કર્મોને જીતે છે, અન્ય (સાંસારિક) પદાર્થોથી લલચાતા નથી, દયાના સાગર છે, ત્રિભુવનબંધુ છે એવા મુનિરાજને આત્મિક હિત સાધવા માટે પ્રણામ કરું છું. ૨

**પૂજાની ઢાળનો અર્થ :**

જેમ ઝાડના ફૂલ ઉપર (રસ ચૂસવા) ભમરો બેસે પણ તેને પીડા



પંચ ઈન્દ્રિયને જે નિત્ય જીપે, પટ્કાયક પ્રતિપાળ;
સંયમ સત્તર પ્રકારે આરાધે, વંદું તેહ દયાળ રે.
ભ. સિ. ૨

અઢાર સહસ શીલાંગનાધોરી, અચળ આચાર ચરિત્ર;
મુનિ મહંત જયણાયુત વંદી, કીજે જન્મ પવિત્ર રે.
ભ. સિ. ૩

નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાળે, બારસવિહ તપશૂરા;
એહવા મુનિ નમીએ જો પ્રગટે, પૂરવ પુણ્ય અંકુરા રે.
ભ. સિ. ૪

સોનાતણી પરે પરીક્ષા દીસે, દિનદિન ચઢતે વાને;
સંજમ ખપ કરતા મુનિ નમીએ, દેશકાળ અનુમાને રે
ભ. સિ. ૫

---

ઉપજાવતો નથી અને રસ લઈને પોતાના આત્માને તૃપ્તિ પમાડે છે, તે રીતે મુનિ 'ગોચરી' લે છે. ૧

હંમેશાં જે પાંચ ઈંદ્રિયોને વશ રાખે છે, છકાયનું સુંદર રીતે રક્ષણ કરે છે. સત્તર પ્રકારે સંયમનું આરાધન કરે છે. તે દયાળુ મુનિરાજને વંદના કરું છું. ૨

અઢાર હજાર શીલાંગરથને વહન કરવામાં વૃષભ તુલ્ય. છે, આચાર અને ચારિત્રમાં જેઓ નિશ્ચળ છે, એવા જયણા મહામુનિને વંદન કરીને મનુષ્યજન્મને પવિત્ર કરો. ૩

જે બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન કરે છે, બાર પ્રકારનો તપ કરવામાં શૂરવીર છે, એવા મુનિને જો પૂર્વપુણ્યરૂપી (વૃક્ષના) અંકુરા ફૂટ્યા હોય તો જ નમસ્કાર કરવાની ઈચ્છા થાય.. ૪

સોનાની જેમ મુનિના આવે સંયમની પરીક્ષા કરવામાં તો દિનપ્રતિદિન ચળકાટ વધે છે, અને જેઓ દેશકાળ પ્રમાણે સંયમનું

દુહો

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે,
સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે ? વીર. ૨

શ્રી સાધુપદ કાવ્ય

ખંતે ય દંતે ય સુગુત્તિગુત્તે, મુત્તે પસંતે ગુણજોગજુત્તે,
ગયપ્પમાએ હયમોહમાયે, ઝાએહ નિચ્ચં મુણિરાયપાએ. ૩

પાલન કરવામાં તત્પર છે તેવા મુનિજનોને નમસ્કાર કરો. ૫

દુહાનો અર્થ :

જે હંમેશા અપ્રમત્ત રહે છે, હર્ષ કે શોક કરતા નથી તેવો આત્મા જ ઉત્તમ શુદ્ધ સાધુ છે. માત્ર મુંડાવવાથી કે લોચ કરવાથી જ સાધુપણું આવી જતું નથી પણ સાધુપણાના ગુણનું પાલન કરવાથી જ સાચું સાધુપણું પ્રાપ્ત થાય છે.

સાધુપદ કાવ્યનો અર્થ :

ક્ષમાવાન, ઈન્દ્રિયોનું દમન કરનારા, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, લોભરહિત, પ્રશાંત, (અનેક) ગુણગણથી યુક્ત, પ્રમાદ વગરના, મોહ-માયાને હણનારા એવા મુનિરાજનાં ચરણોનું હંમેશાં ધ્યાન કરો. ૫

ૐ હ્રીં શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે સાધવે જલાદિકં યજામહે સ્વાહા.

પાંચમી મુનિપદપૂજા - અર્થ સમાપ્ત



## ષષ્ઠમ્ શ્રીસમ્યગ્દર્શનપદ પૂજા

(આર્યાવૃત્તં - ઉપેન્દ્રવજ્રાવૃત્તમ્)

મિચ્છત્તનાસાઈસમુગ્ગરસ્સ, મૂલસ્સ સદ્ધમ્મમહાદુમસ્સ;
જિણુત્તતત્તે રુઈલક્ખણસ્સ, નમો નમો નિમ્મલદંસણસ્સ.॥૧॥

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

વિપર્યાસ હઠવાસનારૂપ મિથ્યા,
ટળે જે અનાદિ અછે જેમ પથ્યા;
જિનોક્તે હોયે સહજથી શ્રદ્ધાનં,
કહિયે દર્શનં તેહ પરમં નિધાનં. ૧
વિના જેહથી જ્ઞાન અજ્ઞાન રૂપં,
ચરિત્રં વિચિત્રં ભવારણ્યકૂપં;
પ્રકૃતિ સાતને ઉપશમે ક્ષય તે હોવે,
તિહાં આપરૂપે સદા આપ જોવે. ૨

આર્યા કાવ્યાર્થ :

મિથ્યાત્વના નાશ માટે મુદ્ગર સમાન અને સદ્ધર્મરૂપ મહાવૃક્ષના મૂળ સમાન તેમજ જિનેશ્વરભગવાને કહેલાં તત્ત્વોમાં રુચિરૂપ (લક્ષણવાળા) નિર્મળ દર્શન-સમ્યક્ત્વને વારંવાર નમસ્કાર હો !

ઢાળાર્થ :

જેમ પથ્યથી વ્યાધિ ટળે તેમ વિપર્યાસ અને કદાગ્રહની વાસનારૂપ અનાદિ મિથ્યાત્વ, જેનાથી દૂર થાય છે અને શ્રી જિનેશ્વરદેવોએ કહેલાં તત્ત્વો ઉપર સ્વાભાવિકપણે શ્રદ્ધા થાય છે, તે સમ્યગ્દર્શન ઉત્કૃષ્ટ નિધાનરૂપ છે. ૧

સમ્યગ્દર્શન વગર પ્રાપ્ત કરેલું જ્ઞાન અજ્ઞાનરૂપ છે, અનેક લોકોને આશ્ચર્યકારી ચારિત્ર પણ ભવરૂપ અટવીમાં કૂવાતુલ્ય છે, અને જે મિથ્યાત્વ મોહનીયની સાતપ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષય થાય ત્યારે પ્રાપ્ત થાય છે, તે સમકિત પ્રાપ્ત થવાથી આત્મા પોતાને આત્મસાક્ષાત્કારથી જોઈ શકે છે. ૨

(ઢાળ-ઉલાળાની દેશી)

સમ્યગ્દર્શન ગુણ નમો, તત્ત્વ પ્રતીત સ્વરૂપોજી;
જસુ નિરધાર સ્વભાવ છે, ચેતન ગુણ જે અરૂપોજી.૧

ઉલાળો

જે અનુપ શ્રદ્ધા ધર્મ પ્રગટે, સયલ પર ઈહા ટળે;
નિજ શુદ્ધ સત્તા પ્રગટ અનુભવ-કરણરુચિતા ઉચ્છળે;
બહુમાન પરિણતિ વસ્તુતત્ત્વે, અહવ તસુ કારણપણે,
નિજ સાધ્ય દૃષ્ટે સર્વ કરણી, તત્ત્વતા સંપત્તિ ગણે. ૨

(પૂજા ઢાળ - શ્રીપાળના રાસની દેશી)

શુદ્ધ દેવગુરુ ધર્મ પરીક્ષા, સદ્દહણા પરિણામ;
જેહ પામીજે તેહ નમીજે, સમ્યગ્દર્શન નામ રે.
ભવિકા ! સિ. ૧

મલ ઉપશમ ક્ષય ઉપશમ ક્ષયથી, જે હોય ત્રિવિધ અભંગ;

---

**ઉલાળાની ઢાળનો અર્થ :**

સમ્યગ્દર્શન ગુણને નમસ્કાર કરો! જે તત્ત્વની પ્રતીતિરૂપ છે, જેનો નિરધાર (તત્ત્વનો નિશ્ચય) કરવાનો સ્વભાવ છે અને જે ચેતનનો અરૂપી ગુણ છે.૧

જે સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી ઉપમા ન આપી શકાય તેવો શ્રદ્ધાધર્મ પ્રકટે છે, સઘળી પરપદાર્થની ઈચ્છાઓ દૂર થાય છે, પોતાને શુદ્ધ આત્મસત્તાનો અનુભવ પ્રગટ કરવાની રુચિ ઉછળે છે, પદાર્થના તત્ત્વમાં બહુમાન પ્રગટે છે અથવા તે બહુમાનપરિણતિ વસ્તુતત્ત્વની પ્રાપ્તિના કારણરૂપ બને છે અને પોતાની સાધ્યદૃષ્ટિથી કરાતી સર્વ કરણીને જ પોતાની સાચી લક્ષ્મી ગણે છે.૨

**પૂજાની ઢાળનો અર્થ :**

શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની પરીક્ષાપૂર્વક તે જ સત્ય છે એવા શ્રદ્ધાના પરિણામ જેથી પમાય છે તે સમ્યગ્દર્શન છે, તેને નમસ્કાર કરો. ૧

અનંતાનુબંધીના ચારકષાય તથા ત્રણપ્રકારનું મિથ્યાત્વ એ સાત પ્રકૃતિના કર્મના ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમક્ષયથી જે અખંડપણે ત્રણ



સમ્યગ્દર્શન તેહ નમીજે, જિનધર્મે દૃઢ રંગ રે.
ભવિકા ! સિ. ૨

પંચ વાર ઉપશમિય લહીજે, ક્ષયઉપશમિય અસંખ;
એક વાર ક્ષાયિક તે સમકિત, દર્શન નમીએ અસંખ રે.
ભવિકા ! સિ. ૩

જે વિણ નાણ પ્રમાણ ન હોવે, ચારિત્રતરુ નવિ ફળીઓ;
સુખ નિર્વાણ ન જે વિણ લહીએ, સમકિતદર્શન બળિયો રે.
ભવિકા ! સિ. ૪

સડસઠ બોલે જે અલંકરીઓ, જ્ઞાન ચારિત્રનું મૂળ;
સમકિતદર્શન તે નિત્ય પ્રણમું, શિવપંથનું અનુકૂળ રે,
ભવિકા ! સિ. ૫

---

દુહો

શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે;
થાય છે તેમજ જેથી જિનધર્મનો ચોળમજીઠ રંગ લાગે છે; તે સમ્યગ્દર્શનને નમન કરો. ૨

સંસારચક્રના પરિભ્રમણમાં ઉપશમસમકિત પાંચ વાર પમાય છે, ક્ષયોપશમ સમકિત અસંખ્યાત વાર પમાય છે અને ક્ષાયિકસમકિત એક જ વાર પમાય છે, એવાં અસંખ્ય સમ્યગ્દર્શનને નમસ્કાર કરો.૩

જેના વગર જ્ઞાન પ્રમાણભૂત ગણાતું નથી, ચારિત્રરૂપ વૃક્ષ યોગ્ય ફળ આપતું નથી અને મોક્ષનું સુખ જેના વગર પ્રાપ્ત થતું નથી; તે સમ્યગ્દર્શન મહાબળવાન છે. ૪

જે સડસઠ ભેદોથી સુશોભિત છે, જ્ઞાન અને ચારિત્રનું મૂળ છે અને મોક્ષમાર્ગને અનુકૂળ છે, તે સમ્યગ્દર્શનને હંમેશા પ્રણામ કરું છું. ૫

દર્શન તેહિ જ આતમા, શું હોય નામ ધરાવે રે. વીર.

શ્રી સમ્યગદર્શન પદ કાવ્ય

જં દવ્વછક્કાઈસુ સદ્દહાણં, તં દંસણં સવ્વગુણપ્પહાણં;
કુગ્ગાહવાહી ઉવયંતિ જેણં, જહા વિસુદ્ધેણ રસાયણેણં. ૧

સ્નાત્ર કાવ્ય અને મંત્રનો અર્થ અરિહંતપદની પૂજાને
અંતે આપેલ છે, તે મુજબ જાણવાં.

---

**દુહનો અર્થ :**

(પ્રકૃતિઓના) ક્ષય અથવા ઉપશમથી ઉપશમ અને સંવેગાદિ ગુણો જે પ્રકટે છે તે સમ્યગ્દર્શન જ આત્મા છે. 'સમકિતી' નામ ધારણ કરવાથી શું સફળતા છે ? ૧

**સમ્યગ્દર્શનપદ કાવ્યનો અર્થ :**

જે છ દ્રવ્યો વગેરેની શ્રદ્ધારૂપ છે તે દર્શન સર્વ ગુણોમાં મુખ્ય છે. જેમ વિશુદ્ધ રસાયણવડે વ્યાધિ નાશ પામે છે, તેમ જે દર્શનથી કદાગ્રહરૂપ વ્યાધિ નાશ પામે છે. ૬

**ષષ્ઠમ સમ્યગ્દર્શનપૂજા - અર્થ સમાપ્ત**



# સપ્તમ સમ્યગ્જ્ઞાનપદ પૂજા

(આધકાવ્યં-ઇન્દ્રવજ્રાવૃત્તમ્)

પંચપ્પયારસ્સુવગારગસ્સ, સત્તાણ સવ્વત્થ પયાસગસ્સ;
અન્નાણસંમોહતમોહરસ્સ, નમો નમો નાણદિવાયરસ્સ॥૧॥

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

હોયે જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધે,
યથાવર્ણ નાસે વિચિત્રાવબોધે;
જેણે જાણીએ વસ્તુ ષડ્દ્રવ્યભાવા,
ન હુયે વિતત્થા નિજેચ્છા સ્વભાવા. ૧
હોયે પંચ મત્યાદિ સુજ્ઞાન ભેદે,
ગુરૂપાસ્તિથી યોગ્યતા તેહ વેદે;
વળી જ્ઞેય હેય ઉપાદેય રૂપે,
લહે ચિત્તમાં જેમ ધ્વાંત પ્રદીપે. ૨

---

**આદ્ય કાવ્યાર્થ :**

જે સમ્યગ્જ્ઞાન પાંચ પ્રકારનું છે, જીવોને સર્વ પદાર્થોનો પ્રકાશ કરનારું હોવાથી ઉપકારક છે. અજ્ઞાન અને મોહરૂપ અંધકારને દૂર કરવા સૂર્ય સમાન છે; તે જ્ઞાનને વારંવાર નમસ્કાર હો !

**વૃત્તાર્થ :**

જેમ જેમ અજ્ઞાનરૂપ આવરણ દૂર થાય છે, તેમ તેમ શુદ્ધ પ્રબોધરૂપ જ્ઞાન પ્રગટ થાય છે, અને ત્યારે છ દ્રવ્યરૂપ પદાર્થોના ભાવો જણાય છે તેમજ અસત્ય તથા સ્વચ્છંદપણે પદાર્થોનું જ્ઞાન થતું નથી. ૧

તે જ્ઞાન મતિ આદિ સદ્જ્ઞાનના ભેદોથી પાંચ પ્રકારનું છે. ગુરુજનની સેવાથી તેની યોગ્યતા પ્રાપ્ત કરી શકાય છે. વળી દીવાથી જેમ અંધકાર દૂર થાય છે તેમ જ્ઞાનવડે અજ્ઞાનનો નાશ થવાથી જ્ઞેય, હેય અને ઉપાદેયરૂપે સર્વ પદાર્થને ચિત્તમાં જાણી શકાય છે. ૨

(ઢાળ-ઉલાળાની દેશી)

ભવ્ય નમો ગુણ જ્ઞાનને, સ્વપર પ્રકાશક ભાવેજી;
પરજાય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવેજી, ૧

ઉલાલો

જે મુખ્ય પરિણતિ સકલ જ્ઞાયક, બોધ ભાવ વિલચ્છના,
મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધિસાધન લચ્છના;
સ્યાદ્વાદસંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદાભેદતા,
સવિકલ્પ ને અવિકલ્પ વસ્તુ સકલ સંશય છેદતા. ૨

(પૂજા ઢાળ, શ્રીપાળના રાસની દેશી)

ભક્ષ્યાભક્ષ્ય ન જે વિણ લહીએ, પેય અપેય વિચાર;
કૃત્ય અકૃત્ય ન જે વિણ લહીએ, જ્ઞાન તે સકલ આધાર રે,
ભવિકા ! સિ. ૧

---

**ઉલાળાની ઢાળનો અર્થ :-**

હે ભવ્ય પ્રાણીઓ ! જ્ઞાનગુણને નમસ્કાર કરો ! જ્ઞાનનો સ્વભાવ પોતાનો અને પરનો પ્રકાશ કરવાનો છે, તેના પર્યાય ધર્મો અનંત છે અને જે ભેદ તેમજ અભેદ સ્વભાવવાળો છે. ૧

જે જ્ઞાનનું મુખ્ય પરિણામ સમસ્ત વસ્તુને જાણવી તે છે, જાણપણું જેનું વિશિષ્ટ લક્ષણ છે, નિર્મળ મતિજ્ઞાન આદિ જેના પાંચ પ્રકાર છે, જે મુક્તિનું સાધન છે, 'સ્યાદ્વાદ'નું પ્રતિપાદન કરનારું છે, 'તત્ત્વ'થી રંગાયેલું છે, પ્રથમ ભેદ અને પછી અભેદ સૂચવનારું છે, વિકલ્પસહિત અને વિકલ્પરહિત પદાર્થોને જણાવનારું છે અને સર્વ શંકાઓનો નાશ કરનાર છે. ૨

**પૂજાની ઢાળનો અર્થ :**

જેના સિવાય ખાવા લાયક અને ન ખાવા લાયક, પીવા લાયક અને



પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું;
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે;
ભવિકા ! સિ. ૨

સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહીએ;
તેહ જ્ઞાન નિતનિત વંદીજે, તે વિણ કહો કેમ રહીએ રે.
ભવિકા ! સિ. ૩

પંચ જ્ઞાનમાંહિ જેહ સદાગમ, સ્વપર પ્રકાશક જેહ;
દીપક પરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિ શશિ મેહ રે.
ભવિકા ! સિ. ૪

લોક ઊર્ધ્વ અધો તિર્યગ્ જ્યોતિષ, વૈમાનિક ને સિદ્ધ;
લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાન મુજ શુદ્ધિ રે.
ભવિકા ! સિ. ૫

---

ન પીવા લાયક, તેમજ ન કરવા લાયક અને કરવા લાયક પદાર્થોનો વિવેક પ્રાપ્ત થઈ શકતો નથી, અર્થાત્ આ બધાનો આધાર જ્ઞાન છે.૧

શ્રીજિનેશ્વરપ્રભુના સિદ્ધાંતમાં પ્રથમ જ્ઞાન અને પછી અહિંસા એવો ક્રમ કહ્યો છે, તેથી જ્ઞાનને નમસ્કાર કરો. જ્ઞાનની અવગણના ન કરો; કારણ કે જ્ઞાનીજનો જ મોક્ષસુખનો સ્વાદ ચાખી શક્યા છે.૨

સર્વ ક્રિયાનું મૂળ 'શ્રદ્ધા છે, તેનું પણ મૂળ જ્ઞાન છે. તેને હંમેશા વંદન કરો. એ જ્ઞાન વગર કેમ રહી શકાય ? ૩

પાંચ જ્ઞાનમાં જે સદાગમ (શ્રુતજ્ઞાન) છે, તે પોતાને અને પરને પ્રકાશ કરનાર છે, દીવાની માફક ત્રણે ભુવનને ઉપકારક છે, વળી સૂર્ય-ચંદ્ર અને મેઘની જેમ ઉપકારી છે. ૪

ઉર્ધ્વલોક, અધોલોક, તિર્યગ્લોક, જ્યોતિષ, વૈમાનિક અને સિદ્ધ

દુહો

જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;
તો હુએ એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાય રે. વીર.૧

શ્રી સમ્યગ્જ્ઞાનપદ કાવ્ય

નાણં પહાણં નયચક્કસિદ્ધં, તત્તાવબોહિક્કમયં પસિદ્ધં;
ધરેહ ચિત્તાવસહે ફુરંતં, માણિક્કદીવુવ્વ તમોહરં તં.૧

સ્નાત્રકાવ્ય અને મંત્ર તથા તેનો અર્થ પ્રથમ પૂજાને
અંતે આપેલ છે તે મુજબ જાણવાં.

---

વગેરે લોક અને અલોક જેથી જાણી શકાય છે તે જ્ઞાનવડે જ મારી શુદ્ધિ થવાની છે.૫

દુહાનો અર્થ :

જ્ઞાનાવરણીયરૂપ જે કર્મ છે તેનો ક્ષયોપશમ અથવા ક્ષય થાય ત્યારે આત્મા જ જ્ઞાનરૂપ થાય છે, અને જ્ઞાનથી અજ્ઞાનપણું દૂર થાય છે.૧

નયના સમૂહથી સિદ્ધ થયેલ, પ્રસિદ્ધ, અદ્વિતીય, તત્ત્વબોધરૂપ, સ્ફુરાયમાન, માણિક્યદીપકની પેઠે (અજ્ઞાનરૂપી) અંધકારને હરણ કરનાર એવા ઉત્તમ જ્ઞાનને મનરૂપ સ્થાનમાં ધારણ કરો. ૧

સપ્તમ શ્રી સમ્યગ્જ્ઞાનપદ પૂજા-અર્થ સમાપ્ત.



અષ્ટમ શ્રીચારિત્રપદ પૂજા

([illegible])

સુઅભાવણાસંગલિયાઇહિમસ્સ, નિચ્ચાઇણાણાઇત્તમજજયસ્સ
આરાહિઅ-અખંડિઅ-સક્કિઅસ્સ, નમો નમો સંજમવીરિઅસ્સ.

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

વળી જ્ઞાનફળ ચરણ ધરીએ સુરંગે,
નિરાશંસતા દ્વાર રોધ પ્રસંગે;
ભવાંભોધિસંતારણે યાનતુલ્યં,
ધરું તેહ ચારિત્ર અપ્રાપ્તમૂલ્યં. ૧
હોવે જાસ મહિમાથકી રંક રાજા,
વળી દ્વાદશાંગી ભણી હોય તાજા;
વળી પાપરૂપોપિ નિષ્પાપ થાય,
થઈ સિદ્ધ તે કર્મને પાર જાય. ૨

---

આદ્ય કાવ્યાર્થ :

સદ્ભાવના સહારે વૃદ્ધિ પામેલા મોક્ષ સુખ વગેરે સુંદર ફળો આપવામાં હંમેશા તત્પર અખંડરીતે આરાધેલા સત્ક્રિયાઓવાળા સંયમબળને નમસ્કાર થાઓ.

વૃત્તાર્થ :

જ્ઞાનના ફળ સ્વરૂપ ચારિત્રને ઉલ્લાસ પૂર્વક ધારણ કરીએ, વળી જે ચારિત્ર આશ્રવદ્વારોના નિરોધ સ્વરૂપ છે, જેમાં કોઈ પણ પ્રકારનો આશંસાભાવ નથી તેમજ જે ચારિત્ર ભવસાગર તરવા માટે જહાજ તુલ્ય છે, જે ચારિત્રનું મૂલ્ય આંકી શકાય તેમ નથી, જે ચારિત્રના મહિમાથી રંક પણ રાજા બની જાય છે. દ્વાદશાંગીનો અભ્યાસ કરી આત્મસ્વરૂપને તાજું (સ્ફુરાયમાન) બનાવે છે. વળી પાપી મનુષ્ય પણ નિષ્પાપ બની જાય છે અને અંતે કર્મનો પાર પામી સિદ્ધ થાય છે. ૧-૨

ઢાળ - ઉલાળાની દેશી

ચારિત્ર ગુણ વળી વળી નમો, તત્ત્વરમણ જસુ મૂલોજી;
પર - રમણીયપણું ટળે, સકલ સિદ્ધિ અનુકૂલોજી. ૧

ત્રોટક

પ્રતિકૂળ આશ્રવ ત્યાગ સંયમ, તત્ત્વથિરતા દમમયી,
શુચિ પરમ ખાંતિ મુત્તિ દશ પદ, પંચ સંવર ઉપચઈ;
સામાયિકાદિક ભેદ ધર્મે, યથાખ્યાતે પૂર્ણતા,
અકષાય અકલુષ અમલ ઉજ્જવળ, કામ કશ્મલ ચૂર્ણતા. ૨

(પૂજા ઢાળ, શ્રીપાળના રાસની દેશી)

દેશવિરતિ ને સર્વવિરતિ જે, ગૃહી યતિને અભિરામ;
તે ચારિત્ર જગત જયવંતુ, કીજે તાસ પ્રણામ રે.
ભવિકા ! સિ૦ ૧

**ઉલાળાની ઢાળનો અર્થ :**

તત્ત્વમાં રમણતા એ જ જેનું મૂળ છે, જેનાથી પરવસ્તુમાં રમણતાનો સ્વભાવ દૂર થાય છે અને સમસ્ત સિદ્ધિઓ અનુકૂળ થઈ જાય છે; તે ચારિત્રગુણને વારંવાર નમસ્કાર કરો. ૧

પ્રતિકૂળ આશ્રવોના ત્યાગરૂપ, ઈંદ્રિયદમનપૂર્વક તત્ત્વમાં સ્થિરતારૂપ, પવિત્ર ઉત્કૃષ્ટ ક્ષમા, નિર્લોભતા વગેરે દશ પદો - યતિધર્મ વાળું, પાંચ પ્રકારના સંવરના સંચયવાળું, સામાયિકથી માંડી યથાખ્યાતની પૂર્ણતા સુધીના પાંચ ભેદવાળું, કષાય રહિત, ક્લેશ રહિત, નિર્મળ, ઉજ્જવળ, કામરૂપ મળને ચૂર્ણ કરવાના સ્વભાવવાળું પ્રસ્તુત ચારિત્ર છે. ૨

**પૂજાની ઢાળનો અર્થ :**

દેશવિરતિ અને સર્વવિરતિ રૂપ ચારિત્ર અનુક્રમે ગૃહસ્થને અને



તૃણ પરે જે ષટ્ખંડ સુખ છંડી, ચક્રવર્તી પણ વરિયો;
તે ચારિત્ર અક્ષય સુખ કારણ, તે મેં મનમાંહે ધરિયો રે.
ભવિકા ! સિ૦ ૨

હુઆ રાંક પણ જેહ આદરી, પૂજિત ઈંદ નરિંદે;
અશરણ શરણ ચરણ તે વંદુ, પૂર્યું જ્ઞાન આનંદે રે.
ભવિકા ! સિ૦ ૩

બાર માસ પર્યાયે જેહને, અનુત્તર સુખ અતિક્રમીએ;
શુકલ શુકલ અભિજાત્ય તે ઉપરે, તે ચારિત્રને નમીએ રે.
ભવિકા ! સિ૦૪

ચય તે આઠ કરમનો સંચય, રિક્ત કરે જે તેહ;

યતિને હોય છે, મનોહર છે. તે ચારિત્ર જગતમાં જયવંત વર્તે છે, તેને પ્રણામ કરો. ૧

જે છ ખંડનાં સુખોને તણખલાની જેમ છોડીને ચક્રવર્તીએ પણ અંગીકાર કરેલું છે, તે ચારિત્ર અક્ષયસુખનું કારણ છે, તે મારા મનમાં વસ્યું છે. ૨

રંક મનુષ્યો પણ જેને અંગીકાર કર્યા પછી ઈંદ્રો અને ચક્રવર્તીઓથી પૂજાય છે, તે નિરાધારના આધારરૂપ અને જ્ઞાનાનંદથી પરિપૂર્ણ ચારિત્રને હું વંદન કરું છું. ૩

જે ચારિત્રના બાર મહિનાના પાલનથી અનુત્તર વિમાનના દેવોનાં સુખોને ઉલ્લંઘી જવાય છે અને ઉજ્જવળ અતિઉજ્જવળ એવી શુભ લેશ્યામાં વૃદ્ધિ થતી જાય છે, એવા ચારિત્રને નમસ્કાર કરીએ છીએ. ૪

'ચય એટલે આઠ કર્મનો જે સંચય તેને રિક્ત એટલે જે ખાલી કરે

ચારિત્ર નામ નિરુત્તે ભાખ્યું, તે વંદું ગુણગેહ રે.

ભવિકા ! સિ૦ ૫

દુહો

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે. વીર૦ ૧

ચારિત્રપદ કાવ્યં

સુસંવરં મોહનિરોધસારં, પંચપ્પયારં વિગયાઈયારં;
મૂલોત્તરાણેગગુણં પવિત્તં, પાલેહ નિચ્ચંપિ હુ સચ્ચરિત્તં. ૧

સ્નાત્રકાવ્ય અને મંત્ર તથા તેનો અર્થ પ્રથમ પૂજાને
અંતે આપેલ છે તે મુજબ જાણવાં.

---

તે ચારિત્ર' એવી નિરુક્તિથી સિદ્ધ થયેલું તેમજ ગુણોના ગૃહરૂપ ચારિત્રને હું વંદન કરું છું. ૫

પોતાના સ્વભાવમાં રમણ કરતા, શુદ્ધ લેશ્યાથી સુશોભિત, મોહરૂપ જંગલમાં નહિ ભટકતા, એવા આત્માને જ ચારિત્ર જાણવો. ૨

ચારિત્રપદ કાવ્યનો અર્થ :

ઉત્તમ સંવરરૂપ, મોહને અટકાવનાર, અતિચાર રહિત અનેક મૂલ અને ઉત્તર ગુણોવાળું પવિત્ર, પાંચ પ્રકારનું ઉત્તમ ચારિત્ર છે. તેને તમે હંમેશાં પાળો.

અષ્ટમ શ્રીસમ્યક્ચારિત્રપદ પૂજા-અર્થ સમાપ્ત



# નવમ તપપદ પૂજા

(આર્યાકાવ્યં ઈંદ્રવજ્રાવૃત્તમ્)

અણેગલદ્ધીણ નિબંધણસ્સ, દુસજ્ઝાય ઠાણસ્સ પસાહણસ્સ;
કમ્મદુમોમ્મૂલણ - કુંજરસ્સ, નમો નમો તિવ્વતવોભરસ્સ ૧.

(માલિનીવૃત્તમ્)

ઈય નવપયસિદ્ધં, લદ્ધિવિજ્જા - સમિદ્ધં,
પયડિય - સર - વગ્ગં, હ્રીં તિરેહા - સમગ્ગં;
દિસિવઈ - સુર સારં, ખોણિપીઢાવયારં,
તિજય - વિજય - ચક્કં, સિદ્ધચક્કં નમામિ. ૧

(ભુજંગપ્રયાતવૃત્તમ્)

ત્રિકાલિકપણે કર્મ કષાય ટાળે,
નિકાચિતપણે બાંધિયાં તેહ બાળે;

---

આદ્ય કાવ્યાર્થ :-

અનેક લબ્ધિઓનું કારણ, દુઃસ્વાધ્યાયનાંસ્થાનોને કહેનાર - બતાવનાર, કર્મરૂપ વૃક્ષને ઉખેડવામાટે હાથી સમાન તીવ્રતપના સમુદાય(બળ)ને વારંવાર નમસ્કાર હો.

માલિની વૃત્તાર્થ :-

જે સિદ્ધચક્ર નવપદોરથી સિદ્ધ છે; લબ્ધિઓ અને વિદ્યાદેવીઓથી સમૃદ્ધ છે, સ્વર અને વ્યંજન વર્ગો જેમાં પ્રગટપણે છે, હ્રીંની ત્રણ રેખાઓથી વીંટળાયેલું છે, દશ દિક્પાળ વગેરે દેવદેવીઓથી સારભૂત છે, પૃથ્વીતળ ઉપર જેનું આલેખન થઈ શકે છે; તે ત્રણે જગતનો વિજય કરવામાં ચક્ર સમાન સિદ્ધચક્રને હું નમસ્કાર કરું છું. ૧

વૃત્તાર્થ :

ત્રણે કાળનાં કર્મો અને કષાયોને દૂર કરે છે તેમજ નિકાચિતપણે

કહ્યું તેહ તપ બાહ્ય અંતર દુ ભેદે,

ક્ષમાયુક્ત નિર્હેતુ દુર્ધ્યાન છેદે. ૧

હોયે જાસ મહિમા થકી લબ્ધિ સિદ્ધિ,

અવાંછકપણે કર્મ આવરણશુદ્ધિ;

તપો તેહ તપ જે મહાનંદ હેતે,

હોયે સિદ્ધિ સીમંતિની જિમ સંકેતે. ૨

ઈસ્યા નવપદ ધ્યાનને જેહ ધ્યાવે,

સદાનંદ ચિદ્રૂપતા તેહ પાવે;

વળી જ્ઞાનવિમલાદિ ગુણરત્નધામા,

નમું તે સદા સિદ્ધચક્ર પ્રધાના. ૩

જે કર્મો બાંધ્યા હોય તેને પણ બાળે છે, તે તપ બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારે કહેલો છે. તે ક્ષમાવાળો અને ભૌતિકસુખની ઈચ્છારહિત હોય તો અશુભધ્યાનને છેદી શકે છે. ૧

જેના મહિમાથકી લબ્ધિઓ સિદ્ધ થાય છે અને ઈચ્છા વગરનું (નિયાણા વગરનું) હોવાથી કર્મોનાં આવરણનું જે શોધન કરે છે; તે તપ મોક્ષને માટે આદરો, જેથી મુક્તિરૂપી સ્ત્રી સંકેતવાળી થાય છે અર્થાત્ આવીને મળે છે. ૨

આવા નવપદનું ધ્યાન જેઓ કરે છે તે સચ્ચિદાનંદ સ્વરૂપને પામે છે, એવા નિર્મળ જ્ઞાન વગેરે ગુણરત્નોના નિવાસસ્થાનરૂપ શ્રેષ્ઠ સિદ્ધચક્રને હું નિરંતર નમસ્કાર કરું છું. ૩



(માલિનીવૃત્તમ્)

ઈમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે,

નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે;

જ્ઞાનવિમળ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે,

સવિ દુરિત શમાવે, વિશ્વ જયકાર પાવે. ॥૧॥

(ઢાળ-ઉલાળાની દેશી)

ઈચ્છારોધન તપ નમો, બાહ્ય અભ્યંતર ભેદે જી;

આતમસત્તા એકતા, પર - પરિણતિ ઉચ્છેદે જી. ૧

ત્રોટક

ઉચ્છેદ કર્મ અનાદિ સંતતિ, જેહ સિદ્ધપણું વરે,

**વૃત્તાર્થ :**

એ પ્રકારે નવપદનું જે ધ્યાન કરે છે તે ઉત્કૃષ્ટ આનંદ પામે છે, નવમે ભવે મોક્ષે જાય છે, (વચ્ચેના આંતરામાં) દેવપણું તથા મનુષ્યપણું પામે છે; જ્ઞાનવિમળસૂરિ ગુણગાન કરતાં કહે છે કે સિદ્ધચક્રના પ્રભાવથી સર્વ પાપો નાશ પામી જાય છે અને જગતમાં જયજયકાર થાય છે.

**ઉલાળાની ઢાળનો અર્થ :**

ઈચ્છાઓના નિરોધરૂપ બાહ્ય અને અભ્યંતર ભેદોવાળા તપને નમસ્કાર હો. તે આત્મશક્તિની એકતા કરે છે અને પરપરિણતિનો ઉચ્છેદ કરે છે. ૧

**ત્રોટકનો અર્થ :**

અનાદિકર્મની શ્રેણિનો છેદ કરી જે સિદ્ધાવસ્થાને પમાડે છે, યોગોના

યોગ સંગે આહાર ટાળી, ભાવ અક્રિયતા કરે;
અંતરમુહૂરત તત્ત્વ સાધે, સર્વસંવરતા કરી,
નિજ આત્મસત્તા પ્રગટભાવે, કરો તપગુણ આદરી. ૧

ઢાળ

એમ નવપદ ગુણમંડલં, ચઉ નિક્ષેપ પ્રમાણેજી;
સાત નયે જે આદરે, સમ્યગ્જ્ઞાને જાણેજી. ૧

ત્રોટક

નિરધાર સેતી ગુણી ગુણનો, કરે જે બહુમાન એ,
તસુ કરણ ઈહા તત્ત્વરમણે, થાય નિર્મલ ધ્યાન એ;
એમ શુદ્ધ સત્તા ભળ્યો ચેતન, સકલ સિદ્ધિ અનુસરે,
અક્ષય અનંત મહંત ચિદ્ઘન, પરમ આનંદતા વરે. ૨

નિરોધ કરી નિરાહારપણું પ્રાપ્ત કરાવી જે ભાવસ્થિરતાને મેળવી આપે છે, જેનાથી બે ઘડીની અંદર તત્ત્વની સાધના થઈ જાય છે, જે સર્વસંવરપણું પ્રાપ્ત કરાવે છે અને પોતાની આત્મસત્તાને પ્રકટ કરે છે એવા તપગુણનો ભાવપૂર્વક આદર કરો. ૧

ઢાળનો અર્થ :

એ પ્રકારે નવપદના ગુણોના મંડળનો ચાર નિક્ષેપોથી, પ્રમાણોથી અને સાત નયોથી જે આદર કરે છે તે સમ્યગ્જ્ઞાન વડે તેને જાણે છે. ૧

(મનના) નિશ્ચયપૂર્વક ગુણી અને ગુણનું જે બહુમાન કરે અને તે તત્ત્વમાં રમણતા કરવાની ઈચ્છા પ્રગટે તો તે પ્રાણીને નિર્મલ ધ્યાન પ્રાપ્ત થાય. એ પ્રકારે શુદ્ધ આત્મસત્તામાં આત્મા ભળે ત્યારે સર્વ સિદ્ધિ



કલશ

ઈય સયલ સુખકર ગુણપુરંદર, સિદ્ધચક્ર પદાવલી,
સવિ લબ્ધિ વિદ્યા સિદ્ધિ મંદિર, ભવિક પૂજો મન રૂલી;
ઉવજ્ઝાય વર શ્રીરાજસાગર, જ્ઞાન-ધર્મ સુરાજતા,
ગુરુ દીપચંદ સુચરણ સેવક, દેવચંદ સુશોભતા. ૧

(પૂજાની પ્રથમ ઢાળ, શ્રીપાળ રાસની દેશી)

જાણંતા ત્રિહું જ્ઞાને સંયુત, તે ભવ મુક્તિ જિણંદ;
જેહ આદરે કર્મ ખપેવા, તે તપ શિવતરુ કંદ રે.
ભવિકા ! સિ૦ ૧

તેને પ્રાપ્ત થઈ જાય છે અને અક્ષય, અનંત, મહંત અને જ્ઞાનઘનરૂપ પરમ આનંદપણાને તે પામે છે. ૨

કલશનો અર્થ :

સર્વ પ્રાણીઓને સુખકારી, ગુણોમાં ઈંદ્ર તુલ્ય, સર્વ લબ્ધિઓ, વિદ્યાઓ અને સિદ્ધિઓનું મંદિર એવા આ સિદ્ધચક્ર પદની શ્રેણીનું હે ભવ્યજનો ! ચિત્તના ઉલ્લાસપૂર્વક પૂજન કરો. મહોપાધ્યાય શ્રી રાજસાગર જ્ઞાન અને (ચારિત્ર) ધર્મથી સુશોભિત છે; (તેમના શિષ્ય) દીપચંદજી ગુરુના ચરણકમળની સેવા કરનાર દેવચંદજી સુંદર પ્રકારે શોભે છે. ૧

પૂજાની પ્રથમ ઢાળનો અર્થ :

ત્રણ જ્ઞાનવાળા જિનેશ્વરભગવાન તે ભવમાં પોતાની મુક્તિ જાણવા છતાં કર્મનો નાશ કરવાને જે તપનો આદર કરે છે, તે તપ મોક્ષરૂપ વૃક્ષનું મૂળ છે. ૧

કર્મ નિકાચિત પણ ક્ષય જાયે, ક્ષમા સહિત જે કરતાં;
તે તપ નમીએ જેહ દીપાવે, જિનશાસન ઉજમંતા રે.
ભવિકા ! સિ૦ ૨

આમોસહિ પમુહા બહુ લબ્ધિ, હોવે જાસ પ્રભાવે;
અષ્ટ મહાસિદ્ધિ નવ નિધિ પ્રગટે, નમીએ તે તપ ભાવે રે.
ભવિકા ! સિ૦ ૩

ફળ શિવસુખ મહોટું સુર - નરવર, સંપત્તિ જેહનું ફૂલ;
તે તપ સુરતરુ સરિખો વંદુ, સમ મકરંદ અમૂલ રે.
ભવિકા ! સિ૦ ૪

સર્વ મંગળમાં પહેલું મંગળ, વરણવિયું જે ગ્રંથે;
તે તપપદ ત્રિહું કાળ નમીજે, વર સહાય શિવ પંથે રે.
ભવિકા ! સિ૦ ૫

તે તપ ક્ષમાપૂર્વક કરાય તો નિકાચિતકર્મ પણ ક્ષય થઈ જાય છે, વળી જેનું ઊજમણું કરતાં જિનશાસનની પ્રભાવના થાય છે, તે તપને નમસ્કાર કરો ! ૨

જેના પ્રભાવથી આમર્ષૌષધિ પ્રમુખ ઘણી લબ્ધિઓ પ્રગટે છે તેમજ આઠ મહાસિદ્ધિઓ અને નવ નિધિઓ પ્રકટે છે; તે તપને ભાવપૂર્વક નમસ્કાર કરો. ૩

મોક્ષનું સુખ જેનું મોટું ફળ છે, ઈંદ્ર અને ચક્રવર્તીની સંપત્તિ જેનું ફૂલ છે, સમતા જેનો અમૂલ્ય મકરંદ - પુષ્પરસ છે, તે કલ્પવૃક્ષ જેવા તપને વંદન કરું છું. ૪

સર્વ મંગળોમાં પ્રથમ મંગળરૂપે જેનું વર્ણન ગ્રંથોમાં કરેલું છે, તે મોક્ષમાર્ગમાં ઉત્તમ સહાયક તપને ત્રણે કાળ નમસ્કાર કરો. ૫



એમ નવપદ થુણતો તિહાં લીનો, હુવો તન્મય શ્રીપાલ;
સુજસ વિલાસે ચોથે ખંડે, એહ અગ્યારમી ઢાળ રે.
ભવિકા ! સિ૦ ૬

(ઢાળ બીજી)

ઈચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહિજ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે. વી૦ ૧
આગમ નોઆગમતણો, ભાવ તે જાણો સાચો રે;
આતમ ભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે. વી૦ ૨
અષ્ટક સકલ સમૃદ્ધિની, ઘટમાંહે ઋદ્ધિ દાખી રે;
તેમ નવપદ ઋદ્ધિ જાણજો, આતમરામ છે સાખી રે. વી૦૩

એ પ્રકારે નવપદની સ્તવના કરતાં શ્રીપાળરાજા તન્મય થઈ તેમાં લીન થઈ ગયા, સુંદર યશના વિલાસવાળા ચોથા ખંડની આ અગીઆરમી ઢાળ પૂર્ણ થઈ. ૬

**બીજી ઢાળનો અર્થ :**

ઈચ્છાઓના નિરોધરૂપ સંવર કરી, મન - વચન - કાયાના યોગોની એકાગ્રતાથી સમતામાં પરિણમન કરી, સ્વગુણોના અનુભવમાં આ આત્મા રમણ કરે; તે જ તપ છે. ૧

આગમ અને નોઆગમના ભાવને બરાબર સમજો અને આત્માના સ્વરૂપમાં સ્થિર રહો તથા પૌદ્ગલિક ભાવોમાં આસક્ત ન થાઓ. ૨

જ્ઞાનસારમાં આવેલા સર્વસમૃદ્ધયષ્ટકમાં આત્મામાં સમસ્ત પ્રકારની સિદ્ધિઓની સંપત્તિ રહેલી છે, એમ કહ્યું છે, તે પ્રમાણે નવપદની સંપત્તિ પણ આત્મામાં જ રહેલી છે, તેનો સાક્ષી આત્મા પોતે જ છે. ૩

યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે;
એહ તણે અવલંબને, આતમધ્યાન પ્રમાણો રે. વી૦ ૪
ઢાળ બારમી એહવી, ચોથે ખંડે પૂરી રે;
વાણી વાચક જસતણી, કોઈ નયે ન અધૂરી રે. વી૦ ૫

શ્રીતપઃપદ કાવ્યં

બજ્ઝં તહાબ્ભિંતરભેયભેયં, કસાયદુબ્ભેયકુકમ્મભેયં;
દુક્ખક્ખયત્થે કયપાવનાસં, તવં તવેહાગમિઅં નિરાસં. ૧

સ્નાત્રકાવ્ય અને મંત્ર તથા તેનો અર્થ અરિહંતપદપૂજાને અંતે આપેલ છે, તે મુજબ જાણવાં.

---

મુક્તિને પ્રાપ્ત કરવાના અસંખ્ય યોગો જિનેશ્વરે કહેલા છે; તેમાં નવપદ મુખ્ય છે; તેમ સમજો. તેના આલંબનથી આત્માના ધ્યાનની પૂર્ણતા થાય છે, તેમ જાણો.૪

ચોથા ખંડની આ બારમી ઢાળ પૂર્ણ થઈ. વિસ્તૃત છે યશ જેનો એવા અરિહંતની (યશોવિજય ઉપાધ્યાયની) વાણી કોઈ નયથી અપૂર્ણ નથી. ૫

<u>તપ પદ કાવ્યનો અર્થ :</u>

બાહ્ય તથા અભ્યંતર એ બે ભેદવાળા, કષાય અને અત્યંત દુર્ભેદ્ય એવાં કુકર્મોને-અસત્ આચરણને ભેદનારા, પાપનો નાશ કરનારા આગમમાં બતાવેલા એવા તપને; કોઈ જાતની ઈચ્છા વગર દુઃખનો ક્ષય કરવા માટે તમે આદરો.૯

ઈતિ શ્રીયશોવિજય ઉપાધ્યાયકૃત
શ્રીનવપદપૂજા સાર્થ સંપૂર્ણ.





## પહેલા દિવસની આરાધના

**પદ** - શ્રી અરિહંત **નવકારવાળી** - વીશ
**કાઉસ્સગ્ગ** - બાર લોગસ્સ **જાપ** - ૐ હ્રીં નમો અરિહંતાણં
**સાથિયા** - બાર **પ્રદક્ષિણા** - બાર
**ખમાસમણાં** - બાર **ગુણ**- બાર
**વર્ણ** - શ્વેત, એક ધાન્યનું આયંબિલ, ચોખાનું કરવું.

**ખમાસમણનો દુહો :**

અરિહંતપદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે -
વીરજિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦

**શ્રીઅરિહંતપદના બાર ગુણ**

૧ અશોકવૃક્ષપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ
૨ પુષ્પવૃષ્ટિપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ
૩ દિવ્યધ્વનિપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ
૪ ચામરયુગ્મપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ
૫ સ્વર્ણસિંહાસનપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ
૬ ભામણ્ડલપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ
૭ દુન્દુભિપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ
૮ છત્રત્રયપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ
૯ જ્ઞાનાતિશયસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ
૧૦ પૂજાતિશયસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ
૧૧ વચનાતિશયસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ
૧૨ અપાયાપગમાતિશયસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ

## બીજા દિવસની આરાધના

પદ - શ્રી સિદ્ધપદ　　નવકારવાળી - વીશ

કાઉસ્સગ્ગ - આઠ લોગસ્સ　જાપ - ૐ હ્રીં નમો સિદ્ધાણં

સાથિયા - આઠ　　પ્રદક્ષિણા - આઠ

વર્ણ - લાલ, એક ધાન્યનું આયંબિલ, ઘઉંનું કરવું.

ખમાસમણાં - આઠ　　ગુણ - આઠ

**ખમાસમણાનો દુહો :**

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ-નાણી રે,
તે ધ્યાતા નિજ આતમા, હોવે સિદ્ધ ગુણખાણી રે;
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમધ્યાને આતમા ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦

### સિદ્ધપદના આઠ ગુણ

૧ અનન્તજ્ઞાનસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૨ અનન્તદર્શનસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૩ અવ્યાબાધગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૪ અનન્તચારિત્રગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૫ અક્ષયસ્થિતિગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૬ અરૂપીનિરંજનગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૭ અગુરુલઘુગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૮ અનન્તવીર્યગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ

## ત્રીજા દિવસની આરાધના

પદ - શ્રી આચાર્ય　　નવકારવાળી - વીશ

કાઉસ્સગ્ગ - ૩૬લોગસ્સ　જાપ - ૐ હ્રીં નમો આયરિયાણં

સાથિયા - ૩૬　　પ્રદક્ષિણા - આઠ

વર્ણ - પીળો, એક ધાન્યનું આયંબિલ, ચણાનું કરવું



ખમાસમણાં - ૩૬　　ગુણ - ૩૬

**ખમાસમણાનો દુહો :**

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભધ્યાની રે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે.
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦ ૧

### આચાર્યપદના ૩૬ ગુણ

૧ પ્રતિરૂપગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૨ સૂર્યવત્તેજસ્વિગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૩ યુગપ્રધાનાગમસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૪ મધુરવાક્યગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૫ ગામ્ભીર્યગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૬ ધૈર્યગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૭ ઉપદેશગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૮ અપરિશ્રાવિગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૯ સૌમ્યપ્રકૃતિગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૧૦ શીલગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૧૧ અવિગ્રહગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૧૨ અવિકથકગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૧૩ અચપલગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૧૪ પ્રસન્નવદનસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૧૫ ક્ષમાગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૧૬ ઋજુગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૧૭ મૃદુગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૧૮ સર્વાંગમુક્તિગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૧૯ દ્વાદશવિધતપોગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ

૨૦ સપ્તદશવિધસંયમગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૨૧ સત્યવ્રતગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૨૨ શૌચગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૨૩ અકિંચનગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૨૪ બ્રહ્મચર્યગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૨૫ અનિત્યભાવનાભાવકાય શ્રીઆચાર્યાય નમઃ
૨૬ અશરણભાવનાભાવકાય શ્રીઆચાર્યાય નમઃ
૨૭ સંસારસ્વરૂપભાવનાભાવકાય શ્રીઆચાર્યાય નમઃ
૨૮ એકત્વભાવનાભાવકાય શ્રીઆચાર્યાય નમઃ
૨૯ અન્યત્વભાવનાભાવકાય શ્રીઆચાર્યાય નમઃ
૩૦ અશુચિભાવનાભાવકાય શ્રીઆચાર્યાય નમઃ
૩૧ આશ્રવભાવનાભાવકાય શ્રીઆચાર્યાય નમઃ
૩૨ સંવરભાવનાભાવકાય શ્રીઆચાર્યાય નમઃ
૩૩ નિર્જરાભાવનાભાવકાય શ્રીઆચાર્યાય નમઃ
૩૪ લોકસ્વરૂપભાવનાભાવકાય શ્રીઆચાર્યાય નમઃ
૩૫ બોધિદુર્લભભાવનાભાવકાય શ્રીઆચાર્યાય નમઃ
૩૬ ધર્મદુર્લભભાવનાભાવકાય શ્રીઆચાર્યાય નમઃ

### ચોથા દિવસની આરાધના

**પદ** - શ્રી ઉપાધ્યાય　**નવકારવાળી** - વીશ
**કાઉસ્સગ્ગ** - ૨૫લોગસ્સ　**જાપ** - ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં
**સાથિયા** - ૨૫　**પ્રદક્ષિણા** - ૨૫
**વર્ણ** - લીલો, એક ધાન્યનું, મગનું આયંબિલ કરવું.
**ખમાસમણાં** - ૨૫　**ગુણ** - ૨૫

**ખમાસમણનો દુહો :**

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે,૧



વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા,ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર ૦ ૨

### શ્રીઉપાધ્યાયપદના ૨૫ ગુણ

૧ શ્રીઆચારાંગસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૨ શ્રીસૂત્રકૃતાંગસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૩ શ્રીસ્થાનાંગસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૪ શ્રીસમવાયાંગસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૫ શ્રીભગવતીસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૬ શ્રીજ્ઞાતાધર્મસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૭ શ્રીઉપાસકદશાસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૮ શ્રીઅન્તકૃદ્દશાસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૯ શ્રીઅનુત્તરોપપાતિકસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૧૦ શ્રીપ્રશ્નવ્યાકરણસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૧૧ શ્રીવિપાકસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૧૨ શ્રીઉત્પાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૧૩ શ્રીઅગ્રાયણીયપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૧૪ શ્રીવીર્યપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૧૫ શ્રીઅસ્તિપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૧૬ શ્રીજ્ઞાનપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૧૭ શ્રીસત્યપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૧૮ શ્રીઆત્મપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૧૯ શ્રીકર્મવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૨૦ શ્રીપ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૨૧ શ્રીવિદ્યાપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૨૨ શ્રીકલ્યાણપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ

૨૩ શ્રીપ્રાણાવાયપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૨૪ શ્રીક્રિયાવિશાલપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૨૫ શ્રીલોકબિન્દુસારપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ

**પાંચમા દિવસની આરાધના**

**પદ** - શ્રી સાધુ　**નવકારવાળી** - વીશ
**કાઉસ્સગ્ગ** - ૨૭લોગસ્સ　**જાપ** - ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં.
**સાથિયા** - ૨૭　**પ્રદક્ષિણા** - ૨૭
**વર્ણ** - કાળો, એક ધાન્યનું, અડદનું આયંબિલ કરવું
**ખમાસમણાં** - ૨૭　**ગુણ** - ૨૭

**ખમાસમણનો દુહો :**

અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે.
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર ૦ ૨

**શ્રી સાધુપદના ૨૭ ગુણ**

૧ પ્રાણાતિપાતવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ
૨ મૃષાવાદવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ
૩ અદત્તાદાનવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ
૪ મૈથુનવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ
૫ પરિગ્રહવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ
૬ રાત્રિભોજનવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ
૭ પૃથ્વીકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ
૮ અપ્કાયરક્ષકાય શ્રીસાધવે નમઃ
૯ તેઉકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૦ વાયુકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ



૧૧ વનસ્પતિકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૨ ત્રસકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૩ એકેન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૪ દ્વીન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૫ ત્રીન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૬ ચતુરિન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૭ પંચેન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૮ લોભાનુગ્રહકારકાય શ્રીસાધવે નમઃ
૧૯ ક્ષમાગુણયુક્તાય શ્રીસાધવે નમઃ
૨૦ શુભભાવનાભાવકાય શ્રીસાધવે નમઃ
૨૧ પ્રતિલેખનાદિક્રિયાશુદ્ધિકારકાય શ્રીસાધવે નમઃ
૨૨ સંયમયોગયુક્તાય શ્રીસાધવે નમઃ
૨૩ મનોગુપ્તિયુક્તાય શ્રીસાધવે નમઃ
૨૪ વચનગુપ્તિયુક્તાય શ્રીસાધવે નમઃ
૨૫ કાયગુપ્તિયુક્તાય શ્રીસાધવે નમઃ
૨૬ શીતાદિદ્વાવિંશતિપરિષહસહનતત્પરાય શ્રીસાધવે નમઃ
૨૭ મરણાંતઉપસર્ગસહનતત્પરાય શ્રીસાધવે નમઃ

**છઠ્ઠા દિવસ ની આરાધના**

**પદ** - શ્રી સમ્યગ્દર્શન　**નવકારવાળી** - વીશ
**કાઉસ્સગ્ગ** - ૬૭લોગસ્સ　**જાપ** - ૐ હ્રીં નમો દંસણસ્સ
**સાથિયા** - ૬૭　**પ્રદક્ષિણા** - ૬૭
**વર્ણ** - સફેદ, એક ધાન્યનું, ચોખાનું આયંબિલ કરવું.
**ખમાસમણાં** - ૬૭　**ગુણ** - ૬૭

**ખમાસમણનો દુહો :**

શમ - સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે;
દર્શન તેહીજ આતમા, શું હોય નામ ધરાવે રે. ૧

વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે વીર૦

**દર્શનપદના ૬૭ ગુણ**

૧ પરમાર્થસંસ્તવરૂપશ્રીસદર્શનાય નમઃ
૨ પરમાર્થજ્ઞાતૃસેવનરૂપશ્રીસદર્શનાય નમઃ
૩ વ્યાપન્નદર્શનવર્જનરૂપશ્રીસદર્શનાય નમઃ
૪ કુદર્શનવર્જનરૂપશ્રીસદર્શનાય નમઃ
૫ શુશ્રુષારૂપશ્રીસદર્શનાય નમઃ
૬ ધર્મરાગરૂપશ્રીસદર્શનાય નમઃ
૭ વૈયાવૃત્યરૂપશ્રીસદર્શનાય નમઃ
૮ અર્હદ્વિનયરૂપશ્રીસદર્શનાય નમઃ
૯ સિદ્ધવિનયરૂપશ્રીસદર્શનાય નમઃ
૧૦ ચૈત્યવિનયરૂપશ્રીસદર્શનાય નમઃ
૧૧ શ્રુતવિનયરૂપશ્રીસદર્શનાય નમઃ
૧૨ ધર્મવિનયરૂપશ્રીસદર્શનાય નમઃ
૧૩ સાધુવર્ગવિનયરૂપશ્રીસદર્શનાય નમઃ
૧૪ આચાર્યવિનયરૂપશ્રીસદર્શનાય નમઃ
૧૫ ઉપાધ્યાયવિનયરૂપશ્રીસદર્શનાય નમઃ
૧૬ પ્રવચનવિનયરૂપશ્રીસદર્શનાય નમઃ
૧૭ દર્શનવિનયરૂપશ્રીસદર્શનાય નમઃ
૧૮ 'સંસારે શ્રીજિનઃસાર' ઇતિ ચિન્તનરૂપશ્રીસદર્શનાય નમઃ
૧૯ 'સંસારે શ્રીજિનમત સારમ્'ઇતિ ચિન્તનરૂપશ્રીસદર્શનાય નમઃ
૨૦ 'સંસારે જિનમતસ્થિતશ્રીસાધ્વાદિસારમ્' ઇતિ
ચિન્તનરૂપ શ્રીસદર્શનાય નમઃ
૨૧ શંકાદૂષણરહિતાયશ્રીસદર્શનાય નમઃ



૨૨ કાંક્ષાદૂષણરહિતાયશ્રીસદર્શનાય નમઃ
૨૩ વિચિકિત્સાદૂષણરહિતાયશ્રીસદર્શનાય નમઃ
૨૪ કુદૃષ્ટિપ્રશંસાદૂષણરહિતાયશ્રીસદર્શનાય નમઃ
૨૫ તત્પરિચયદૂષણરહિતાયશ્રીસદર્શનાય નમઃ
૨૬ પ્રવચનપ્રભાવકરૂપશ્રીસદર્શનાય નમઃ
૨૭ ધર્મકથાપ્રભાવકરૂપશ્રીસદર્શનાય નમઃ
૨૮ વાદિપ્રભાવકરૂપશ્રીસદર્શનાય નમઃ
૨૯ નૈમિત્તિકપ્રભાવકરૂપશ્રીસદર્શનાય નમઃ
૩૦ તપસ્વિપ્રભાવકરૂપશ્રીસદર્શનાય નમઃ
૩૧ પ્રજ્ઞપ્ત્યાદિવિદ્યાભૃતપ્રભાવકરૂપશ્રીસદર્શનાય નમઃ
૩૨ ચૂર્ણાંજનાદિસિદ્ધપ્રભાવકરૂપશ્રીસદર્શનાય નમઃ
૩૩ કવિપ્રભાવકરૂપશ્રીસદર્શનાય નમઃ
૩૪ જિનશાસને કૌશલ્યભૂષણરૂપશ્રીસદર્શનાય નમઃ
૩૫ જિનશાસને પ્રભાવનાભૂષણરૂપશ્રીસદર્શનાય નમઃ
૩૬ જિનશાસને તીર્થસેવાભૂષણરૂપશ્રીસદર્શનાય નમઃ
૩૭ જિનશાસને સ્થૈર્યભૂષણરૂપશ્રીસદર્શનાય નમઃ
૩૮ જિનશાસને ભક્તિભૂષણરૂપશ્રીસદર્શનાય નમઃ
૩૯ ઉપશમગુણરૂપશ્રીસદર્શનાય નમઃ
૪૦ સંવેગગુણરૂપશ્રીસદર્શનાય નમઃ
૪૧ નિર્વેદગુણરૂપશ્રીસદર્શનાય નમઃ
૪૨ અનુકમ્પાગુણરૂપશ્રીસદર્શનાય નમઃ
૪૩ આસ્તિક્યગુણરૂપશ્રીસદર્શનાય નમઃ
૪૪ પરતીર્થિકાદિવંદનવર્જનરૂપશ્રીસદર્શનાય નમઃ
૪૫ પરતીર્થિકાદિનમસ્કારવર્જનરૂપશ્રીસદર્શનાય નમઃ
૪૬ પરતીર્થિકાદિઆલાપવર્જનરૂપશ્રીસદર્શનાય નમઃ

૪૭ પરતીર્થિકાદિસંલાપવર્જનરૂપશ્રીસદર્શનાય નમઃ
૪૮ પરતીર્થિકાદિદાનવર્જનરૂપશ્રીસદર્શનાય નમઃ
૪૯ પરતીર્થિકાદિગન્ધપુષ્પાદિપ્રેષણવર્જનરૂપશ્રીસદર્શનાય નમઃ
૫૦ રાજાભિયોગાકારયુક્તશ્રીસદર્શનાય નમઃ
૫૧ ગણાભિયોગાકારયુક્તશ્રીસદર્શનાય નમઃ
૫૨ બલાભિયોગાકારયુક્તશ્રીસદર્શનાય નમઃ
૫૩ સુરાભિયોગાકારયુક્તશ્રીસદર્શનાય નમઃ
૫૪ કાન્તારવૃત્ત્યાકારયુક્તશ્રીસદર્શનાય નમઃ
૫૫ ગુરુનિગ્રહાકારયુક્તશ્રીસદર્શનાય નમઃ
૫૬ "સમ્યક્ત્વં ચારિત્રધર્મવૃક્ષસ્ય મૂલમ્" ઈતિ ચિન્તનરૂપ શ્રીસદર્શનાય નમઃ
૫૭ "સમ્યક્ત્વં ધર્મપુરસ્ય દ્વારમ્" ઈતિ ચિન્તનરૂપ શ્રીસદર્શનાય નમઃ
૫૮ "સમ્યક્ત્વં ધર્મસ્ય પ્રતિષ્ઠાનાધારઃ" ઈતિ ચિન્તનરૂપશ્રીસદર્શનાય નમઃ
૫૯ "સમ્યક્ત્વં ધર્મસ્ય ધારઃ" ઈતિ ચિન્તનરૂપ શ્રીસદર્શનાય નમઃ
૬૦ "સમ્યક્ત્વં ધર્મસ્ય ભાજનમ્" ઈતિ ચિન્તનરૂપ શ્રીસદર્શનાય નમઃ
૬૧ "સમ્યક્ત્વં ધર્મસ્ય નિધિસન્નિભમ્", ઈતિ ચિન્તનરૂપ શ્રીસદર્શનાય નમઃ
૬૨ "અસ્તિજીવઃ" ઈતિ શ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રીસદર્શનાય નમઃ
૬૩ "સ ચ જીવો નિત્યઃ" ઈતિ શ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રીસદર્શનાય નમઃ
૬૪ "સ ચ જીવઃ કર્માણિ કરોતિ" ઈતિ શ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રીસદર્શનાય નમઃ
૬૫ "સ ચ જીવઃ સ્વકૃતકર્માણિવેદયતિ" ઈતિ શ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રીસદર્શનાય નમઃ



૬૬ "જીવસ્યાસ્તિ નિર્વાણમ્" ઈતિ શ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રીસદર્શનાય નમઃ
૬૭ "અસ્તિ મોક્ષોપાયઃ" ઈતિ શ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રીસદર્શનાય નમઃ

## સાતમા દિવસની આરાધના

| | |
|---|---|
| **પદ** - શ્રી સમ્યગ્જ્ઞાન | **નવકારવાળી** - ૨૦ |
| **કાઉસ્સગ્ગ** - ૬૭લોગસ્સ | **જાપ** - ૐ હ્રીં નમો નાણસ્સ |
| **સાથિયા** - ૫૧ | **પ્રદક્ષિણા** - ૫૧ |
| **વર્ણ** - સફેદ, એક ધાન્યનું, | ચોખાનું આયંબિલ કરવું. |
| **ખમાસમણાં** - ૫૧ | **ગુણ** - ૫૧ |

**ખમાસમણનો દુહો :**

જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે'
તો હુએ એહીજ આતમા, જ્ઞાને અબોધતા જાય રે ૧
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે વીર૦

**જ્ઞાનપદના ૫૧ ગુણ**

૧ સ્પર્શનેન્દ્રિયવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૨ રસનેન્દ્રિયવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૩ ઘ્રાણેન્દ્રિયવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૪ શ્રોત્રેન્દ્રિયવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૫ સ્પર્શનેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૬ રસનેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૭ ઘ્રાણેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૮ ચક્ષુરિન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૯ શ્રોત્રેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૧૦ માનસાર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ

૧૧ સ્પર્શનેન્દ્રિય-ઈહામતિજ્ઞાનાય નમઃ
૧૨ રસનેન્દ્રિય-ઈહામતિજ્ઞાનાય નમઃ
૧૩ ઘ્રાણેન્દ્રિય-ઈહામતિજ્ઞાનાય નમઃ
૧૪ ચક્ષુરિન્દ્રિય-ઈહામતિજ્ઞાનાય નમઃ
૧૫ શ્રોત્રેન્દ્રિય-ઈહામતિજ્ઞાનાય નમઃ
૧૬ મન ઈહામતિજ્ઞાનાય નમઃ
૧૭ સ્પર્શનેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ
૧૮ રસનેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ
૧૯ ઘ્રાણેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૦ ચક્ષુરિન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૧ શ્રોત્રેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૨ મન અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૩ સ્પર્શનેન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૪ રસનેન્દ્રિય- ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૫ ઘ્રાણેન્દ્રિય- ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૬ ચક્ષુરિન્દ્રિય- ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૭ શ્રોત્રેન્દ્રિય- ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૮ મનો ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૯ અક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ
૩૦ અનક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ
૩૧ સંજ્ઞિશ્રુતજ્ઞાનાય નમઃ
૩૨ અસંજ્ઞિશ્રુતજ્ઞાનાય નમઃ
૩૩ સમ્યક્શ્રુતજ્ઞાનાય નમઃ
૩૪ મિથ્યાશ્રુતજ્ઞાનાય નમઃ
૩૫ સાદિશ્રુતજ્ઞાનાય નમઃ



૩૬ અનાદિશ્રુતજ્ઞાનાય નમઃ
૩૭ સપર્યવસિતશ્રુતજ્ઞાનાય નમઃ
૩૮ અપર્યવસિતશ્રુતજ્ઞાનાય નમઃ
૩૯ ગમિકશ્રુતજ્ઞાનાય નમઃ
૪૦ અગમિકશ્રુતજ્ઞાનાય નમઃ
૪૧ અંગપ્રવિષ્ટશ્રુતજ્ઞાનાય નમઃ
૪૨ અનંગપ્રવિષ્ટશ્રુતજ્ઞાનાય નમઃ
૪૩ અનુગામિ-અવધિજ્ઞાનાય નમઃ
૪૪ અનનુગામિ-અવધિજ્ઞાનાય નમઃ
૪૫ વર્ધમાન-અવધિજ્ઞાનાય નમઃ
૪૬ હીયમાન-અવધિજ્ઞાનાય નમઃ
૪૭ પ્રતિપાતિ-અવધિજ્ઞાનાય નમઃ
૪૮ અપ્રતિપાતિ-અવધિજ્ઞાનાય નમઃ
૪૯ ઋજુમતિમનઃપર્યવજ્ઞાનાય નમઃ
૫૦ વિપુલમતિમનઃપર્યવજ્ઞાનાય નમઃ
૫૧ લોકાલોકપ્રકાશકકેવલજ્ઞાનાય નમઃ

## આઠમા દિવસની આરાધના

**પદ** - શ્રી સમ્યક્ચારિત્ર **નવકારવાળી** - ૨૦
**કાઉસ્સગ્ગ** - ૭૦લોગસ્સ **જાપ** - ૐ હ્રીં નમો ચારિત્તસ્સ
**સાથિયા** - ૭૦ **પ્રદક્ષિણા** - ૭૦
**વર્ણ** - સફેદ, એક ધાન્યનું, ચોખાનું આયંબિલ કરવું.
**ખમાસમણાં** - ૭૦ **ગુણ** - ૭૦

**ખમાસમણનો દુહો :**

જાણ ચારિત્ર તે આતમા, નિજસ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહ વને નવિ ભમતો રે.

વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે વીર૦

**ચારિત્રપદના ૭૦ ગુણ**

૧ પ્રાણાતિપાતવિરમણરૂપચારિત્રાય નમઃ
૨ મૃષાવાદવિરમણરૂપચારિત્રાય નમઃ
૩ અદત્તાદાનવિરમણરૂપચારિત્રાય નમઃ
૪ મૈથુનવિરમણરૂપચારિત્રાય નમઃ
૫ પરિગ્રહવિરમણરૂપચારિત્રાય નમઃ
૬ ક્ષમાધર્મરૂપચારિત્રાય નમઃ
૭ આર્જવધર્મરૂપચારિત્રાય નમઃ
૮ મૃદુતાધર્મરૂપચારિત્રાય નમઃ
૯ મુક્તિધર્મરૂપચારિત્રાય નમઃ
૧૦ તપોધર્મરૂપચારિત્રાય નમઃ
૧૧ સંયમધર્મરૂપચારિત્રાય નમઃ
૧૨ સત્યધર્મરૂપચારિત્રાય નમઃ
૧૩ શૌચધર્મરૂપચારિત્રાય નમઃ
૧૪ અકિંચનધર્મરૂપચારિત્રાય નમઃ
૧૫ બ્રહ્મચર્યધર્મરૂપચારિત્રાય નમઃ
૧૬ પૃથ્વીરક્ષાધર્મરૂપચારિત્રાય નમઃ
૧૭ ઉદકરક્ષાસંયમચારિત્રાય નમઃ
૧૮ તેજોરક્ષાસંયમચારિત્રાય નમઃ
૧૯ વાયુરક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૦ વનસ્પતિરક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૧ દ્વીન્દ્રિયરક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૨ ત્રીન્દ્રિયરક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૩ ચતુરિન્દ્રિયરક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૪ પંચેન્દ્રિયરક્ષાસંયમચારિત્રાય નમઃ



૨૫ અજીવરક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૬ પ્રેક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૭ ઉપેક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૮ અતિરિક્તવસ્ત્રભક્તાદિપરિષ્ઠાપનરૂપસંયમચારિત્રાય નમઃ
૨૯ પ્રમાર્જનરૂપસંયમચારિત્રાય નમઃ
૩૦ મનઃસંયમચારિત્રાય નમઃ
૩૧ વાક્સંયમચારિત્રાય નમઃ
૩૨ કાયસંયમચારિત્રાય નમઃ
૩૩ આચાર્યવૈયાવૃત્ત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૩૪ ઉપાધ્યાયવૈયાવૃત્ત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૩૫ તપસ્વિવૈયાવૃત્ત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૩૬ લઘુશિષ્યાદિવૈયાવૃત્ત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૩૭ ગ્લાનસાધુવૈયાવૃત્ત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૩૮ સાધુવૈયાવૃત્ત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૩૯ સમનોજ્ઞવૈયાવૃત્ત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૪૦ સંઘવૈયાવૃત્ત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૪૧ કુલવૈયાવૃત્ત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૪૨ ગણવૈયાવૃત્ત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૪૩ પશુપણ્ડકાદિરહિતવસતિવસનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૪૪ સ્ત્રીહાસ્યાદિવિકથાવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૪૫ સ્ત્રી-આસનવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૪૬ સ્ત્રી-અંગોપાંગનિરીક્ષણવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૪૭ કુડ્યન્તરસ્થિતસ્ત્રીહાવભાવશ્રવણવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૪૮ પૂર્વસ્ત્રીસંભોગચિન્તનવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૪૯ અતિસરસઆહારવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૫૦ અતિઆહારકરણવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૫૧ અંગવિભૂષાવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ

૫૨ અનશનતપોરૂપચારિત્રાય નમઃ
૫૩ ઔનોદર્યતપોરૂપચારિત્રાય નમઃ
૫૪ વૃત્તિસંક્ષેપતપોરૂપચારિત્રાય નમઃ
૫૫ રસત્યાગતપોરૂપચારિત્રાય નમઃ
૫૬ કાયક્લેશતપોરૂપચારિત્રાય નમઃ
૫૭ સંલેખણાતપોરૂપચારિત્રાય નમઃ
૫૮ પ્રાયશ્ચિત્તતપોરૂપચારિત્રાય નમઃ
૫૯ વિનયતપોરૂપચારિત્રાય નમઃ
૬૦ વૈયાવૃત્ત્યતપોરૂપચારિત્રાય નમઃ
૬૧ સ્વાધ્યાયતપોરૂપચારિત્રાય નમઃ
૬૨ ધ્યાનતપોરૂપચારિત્રાય નમઃ
૬૩ કાયોત્સર્ગતપોરૂપચારિત્રાય નમઃ
૬૪ અનન્તજ્ઞાનસંયુક્તચારિત્રાય નમઃ
૬૫ અનન્તદર્શનસંયુક્તચારિત્રાય નમઃ
૬૬ અનન્તચારિત્રસંયુક્તચારિત્રાય નમઃ
૬૭ ક્રોધનિગ્રહકરણચારિત્રાય નમઃ
૬૮ માનનિગ્રહકરણચારિત્રાય નમઃ
૬૯ માયાનિગ્રહકરણચારિત્રાય નમઃ
૭૦ લોભનિગ્રહકરણચારિત્રાય નમઃ

### નવમા દિવસની આરાધના

| | |
|---|---|
| પદ - શ્રી સમ્યક્તપ | **નવકારવાળી** - ૨૦ |
| **કાઉસ્સગ્ગ** - ૫૦લોગસ્સ | **જાપ** - ૐ હ્રીં નમો તવસ્સ. |
| **સાથિયા** - ૫૦ | **પ્રદક્ષિણા** - ૫૦ |

**વર્ણ** - સફેદ, એક ધાન્યનું, ચોખાનું આયંબિલ કરવું.

| | |
|---|---|
| **ખમાસમણાં** - ૫૦ | **ગુણ** - ૫૦ |

**ખમાસમણનો દુહો :**

ઈચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહીજ આતમા, વર્તે નિજગુણ ભોગે.



વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે વીર૦

**ચારિત્રપદના ૭૦ ગુણ**

૧ યાવત્કથિકતપસે નમઃ
૨ ઈત્વરકથિકતપસે નમઃ
૩ બાહ્ય-ઔનોદર્યતપસે નમઃ
૪ અભ્યન્તર-ઔનોદર્યતપસે નમઃ
૫ દ્રવ્યતઃ વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૬ ક્ષેત્રતઃ વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૭ કાલતઃ વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૮ ભાવતઃ વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૯ કાયક્લેશતપસે નમઃ
૧૦ રસત્યાગતપસે નમઃ
૧૧ ઈન્દ્રિય-કષાય-યોગવિષયકસંલીનતાતપસે નમઃ
૧૨ સ્ત્રી - પશુ - પણ્ડકાદિવર્જિતસ્થાનાવસ્થિત તપસે નમઃ
૧૩ આલોચનાપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૪ પ્રતિક્રમણપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૫ મિશ્રપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૬ વિવેકપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૭ કાયોત્સર્ગપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૮ તપઃપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૯ છેદપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૦ મૂલપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૧ અનવસ્થાપ્યપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૨ પારાંચિતપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૩ જ્ઞાનવિનયરૂપતપસે નમઃ
૨૪ દર્શનવિનયરૂપતપસે નમઃ

૨૫ ચારિત્રવિનયરૂપતપસે નમઃ
૨૬ મનોવિનયરૂપતપસે નમઃ
૨૭ વચનવિનયરૂપતપસે નમઃ
૨૮ કાયવિનયરૂપતપસે નમઃ
૨૯ ઉપચારવિનયરૂપતપસે નમઃ
૩૦ આચાર્યવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૧ ઉપાધ્યાયવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૨ સાધુવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૩ તપસ્વિવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૪ લઘુશિષ્યાદિવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૫ ગ્લાનસાધુવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૬ સમનોજ્ઞવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૭ સંઘવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૮ કુલવૈયાવૃત્ત્યતપસે નમઃ
૩૯ ગણવૈયાવૃત્ત્યતપસે નમઃ
૪૦ વાચનાતપસે નમઃ
૪૧ પૃચ્છનાતપસે નમઃ
૪૨ પરાવર્તનાતપસે નમઃ
૪૩ અનુપ્રેક્ષાતપસે નમઃ
૪૪ ધર્મકથાતપસે નમઃ
૪૫ આર્તધ્યાનનિવૃત્તિતપસે નમઃ
૪૬ રૌદ્રધ્યાનનિવૃત્તિતપસે નમઃ
૪૭ ધર્મધ્યાનચિંતનતપસે નમઃ
૪૮ શુક્લધ્યાનચિંતનતપસે નમઃ
૪૯ બાહ્યકાયોત્સર્ગતપસે નમઃ
૫૦ અભ્યન્તરકાયોત્સર્ગતપસે નમઃ